*Shree Kundkund-Kahan Parmarthik Trust*
302, 'Krishna-Kunj', Plot No.30, Navyug CHS Ltd., V. L. Mehta Marg, Vile Parle(w), Mumbai–400056
**Phone No. :** (022) 2613 0820. **Website :** www.vitragvani.com **Email :** info@vitragvani.com

Atmadharma is a magazine that has been published from Songadh, since 1943. We have re-typed and uploaded the old Atmadharma Magazines to our website www.vitragvani.com

We have taken utmost care while re-typing, from the original Atmadharma Magazines. There may be some typographical errors, for which we request all readers to kindly inform us about the same, to enable us to correct and improve. Please send your comments to info@vitragvani.com

**Shree Kundkund-Kahan Parmarthik Trust**
**(Shree Shantilal Ratilal Shah-Parivar)**





# આત્મધર્મ

## ❁ ઉત્કૃષ્ટ અજાયબઘર ❁

આત્મા ઉત્કૃષ્ટ અજાયબઘર છે. તેમાં અનંત ગુણરૂપ અલૌકિક અજાયબીઓ ભરી છે. જોવા જેવું બધુંય, આશ્ચર્યકારી એવું બધુંય, તારા નિજ અજાયબઘરમાં જ છે, બહારમાં કાંઈ જ નથી. તું તેનું જ અવલોકન કર ને! તેની અંદર એક વાર ડોકિયું કરતાં પણ તને અપૂર્વ આનંદ થશે. ત્યાંથી બહાર નીકળવું તને ગમશે જ નહિ. બહારની સર્વ વસ્તુઓ પ્રત્યેનું તારું આશ્ચર્ય તૂટી જશે. તું પરથી વિરકત થઈશ.

-પૂ. બહેનશ્રી




તંત્રીઃ પુરુષોત્તમદાસ શિવલાલ કામદાર
વીર સં. ૨૫૦૪, જાન્યુઆરી (લવાજમ છ રૂપિયા) વર્ષ ૩૫: અંક ૨ ૪૧૧

# બહેનશ્રીનાં વચનામૃત

* દૃષ્ટિ અને જ્ઞાન યથાર્થ કર. તું તને ભૂલી ગયો છો. જો ઓળખાવનાર (ગુરુ) મળે તો તને તેની દરકાર નથી. જીવને રુચિ હોય તો ગુરુવચનોનો વિચાર કરે, સ્વીકાર કરે અને ચૈતન્યને ઓળખે.

* આ તો પંખીના મેળા જેવું છે, ભેગાં થયેલાં બધાં છૂટા પડી જશે. આત્મા એક શાશ્વત છે, બીજું બધું અધ્રુવ છે; વિંખાઈ જશે. મનુષ્યજીવનમાં આત્માનું કલ્યાણ કરી લેવા જેવું છે.

* સમ્યગ્દૃષ્ટિને એવો નિઃશંક ગુણ હોય છે કે ચૌદ બ્રહ્માંડ ફરી જાય તોય અનુભવમાં શંકા થતી નથી.

* 'હું અનાદિ-અનંત મુક્ત છું' એમ શુદ્ધ આત્મદ્રવ્ય પર દૃષ્ટિ દેતાં શુદ્ધ પર્યાય પ્રગટ થાય છે. 'દ્રવ્ય તો મુક્ત છે, મુક્તિની પર્યાયને આવવું હોય તો આવે' એમ દ્રવ્ય પ્રત્યે આલંબન અને પર્યાય પ્રત્યે ઉપેક્ષાવૃત્તિ થતાં સ્વભાવિક શુદ્ધ પર્યાય પ્રગટે જ છે.

* આત્મા સર્વોત્કૃષ્ટ છે, આશ્ચર્યકારી છે. જગતમાં તેનાથી ઊંચી વસ્તુ નથી. એને કોઈ લઈ જઈ શકતું નથી. જે છૂટી જાય છે તે તો તુચ્છ વસ્તુ છે; તેને છોડતાં તને ડર કેમ લાગે છે?

* ચૈતન્યમાં સંપૂર્ણપણે જો અત્યારે જ ઠરી જવાતું હોય તો બીજું કાંઈ જોઈતું નથી એવી સમ્યગ્દૃષ્ટિની ભાવના હોય છે.

* 'હું શુદ્ધ છું' એમ સ્વીકારતાં પર્યાયની રચના શુદ્ધ જ થાય છે. જેવી દૃષ્ટિ તેવી સૃષ્ટિ.

* આત્માએ તો ત્રિકાળ એક જ્ઞાયકપણાનો જ વેષ પરમાર્થે ધારણ કરેલો છે. જ્ઞાયક તત્ત્વને પરમાર્થે કોઈ પર્યાયવેષ નથી, કોઈ પર્યાય-અપેક્ષા નથી. આત્મા 'મુનિ છે' કે કેવળજ્ઞાની છે' કે 'સિદ્ધ છે' એવી એક પણ પર્યાય અપેક્ષા ખરેખર જ્ઞાયક પદાર્થને નથી. જ્ઞાયક તો જ્ઞાયક જ છે.

[ અનુસંધાન ટાઈટલ પેજ ૩ ઉપર જુઓ ]

વાર્ષિક
લવાજમ
છ રૂપિયા
વર્ષ ૩૫
અંક ૨




વીર
સં વ ત
૨૫૦૪
A. D. 1978
January

**સંતો કરુણાથી પોકાર કરે છે કે :-**

**રે અંધ જીવ! રાગાદિ અપદમાં ન જા, ન જા, ત્યાંથી પાછો વળ, એ તારું સ્થાન નથી, તારું રક્ષણ નથી, તારું લક્ષણ નથી, તારો માર્ગ નથી.**

અહીં આચાર્ય દેવ કરુણાપૂર્વક સંબોધે છે કે રે અંધ જીવ! શુદ્ધ પરમાનંદ ચૈતન્યમૂર્તિ તું પોતે છો તેને તો તું દેખતો નથી અને દયા–દાન–વ્રત–તપ આદિ પુણ્ય ભાવ કે હિંસા–જૂઠું આદિ પાપ ભાવ અને તેના ફળરૂપ અનુકુળ–પ્રતિકુળ સામગ્રીમાં મુર્છાઈને કેમ પડયો છે? અમૃતસ્વરૂપ ભગવાન એવો તું આ મૃતકકલેવરમાં મુર્છાઈ ગયો છે. રે આંધળા! જે જાણવા લાયક છે એવા જાણનારને તું જોતો નથી કે જે તારું સ્વપદ છે અને જે અપદ છે, જે તારું સ્વરૂપ સર્વથા નથી એવા ચાર ગતિરૂપ મનુષ્ય આદિ પર્યાય, રાગાદિ અશુદ્ધ ભાવ તથા ઈન્દ્રિયવિષયજનિત સુખ–દુઃખની કલ્પનાને મારાં માનીને તું તારા ચૈતન્યસ્વરૂપને ઘાયલ કરી રહ્યો છે, પણ એ તારું રક્ષણ નથી, તારું લક્ષણ નથી, તારું એ સ્થાન નથી, એ તારો માર્ગ

**નથી માટે તે પંથે ન જા, ન જા બાપુ! એ પંથે ન જા ભાઈ! એ તને ઘાયલ કરી નાખશે, માટે ત્યાંથી પાછો વળ ને આ માર્ગે આવ, જ્યાં રાગાદિ ભાવો નથી એવા શુદ્ધ સ્વરૂપ ચૈતન્ય-સ્વભાવમાં આવ, આવ. અનિત્યમાંથી ખસી જા, ખસી જા ને નિત્યાનંદ પ્રભુ છે ત્યાં આવ, આવ, તને શાંતિ થશે ભાઈ!**

**અહાહા! આ કળશ ગજબ છે, એકવાર તો સાંભળતા સંસારની હોંશ ઊડી જાય તેવું છે.**

**[ શ્રી કળશ-ટીકા, કળશ-૧૩૮ પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી ]**

અનાદિકાળથી આત્મા પોતાના સ્વરૂપને ભૂલીને પુણ્ય–પાપના ભાવને તથા પુણ્ય–પાપના ફળને પોતાનું સ્વરૂપ માને છે પણ વીતરાગી જિનેન્દ્રદેવે કહેલ શુદ્ધ પરમ આનંદની મૂર્તિ પોતે છે તેને દેખતો નથી. તેથી અહીં ‘રે અંધ જીવ!’ એમ સંબોધન કરે છે. ચૈતન્યમૂર્તિ આનંદનો નાથ અંદરમાં છે તેને જોતો નથી, માનતો નથી ને આ પુણ્ય –પાપના ભાવ અને તેના ફળમાં મળેલા પૈસાદિમાં મુંજાયેલો પડયો છો તેથી સંતો કરુણાથી કહે છે કે રે આંધળા! તારું સ્વરૂપ તો આનંદકંદ છે તેને તો તું જોતો નથી. જે તારે જોવું જોઈએ તેને તો તું દેખતો નથી ને આ પૈસા આદિ જડની સામગ્રી છે તેને તથા હિંસા આદિ પાપભાવને કે દયા આદિ પુણ્યભાવને જાણીને તેમાં રોકાઈ રહ્યો છે માટે તું આંધળો છે. અમૃતસ્વરૂપ ભગવાન આત્મા આ મૃતકકલેવરમાં મૂર્છાઈ ગયો છે તેથી પરમાત્મા જિનેશ્વરદેવ તેને આંધળો કહે છે. પ્રભુ તારું સ્વરૂપ તેં સાંભળ્યું નથી, તને ખબર નથી ભાઈ! તારા સ્વરૂપને તું જોતો નથી ને પુણ્ય–પાપ તથા તેના ફળને જોવે છે માટે આંધળો છો. આચાર્યદેવની કરુણા તો જુઓ! રે આંધળા! જેને જોવો જોઈએ તેને જોતો નથી.

આનંદરસમાં રસિયા મુનિ કરુણા કરીને એમ કહે છે કે રે આંધળા! તું આંધળો છે, કેમ કે જે છતી ચીજ–તારું આત્મસ્વરૂપ છે તેનું તું જોતો નથી ને તારી નજર પુણ્ય–પાપ ને તેના ફળમાં છે માટે આંધળો છો. ભલે શાસ્ત્ર જાણતો હોય કે મહાવ્રતાદિની ક્રિયા પાળતો હોય પણ તે આંધળો છે, કેમ કે જેમા અનંત આનંદ ને શાંતિ પૂર્ણ ભરેલી છે તેને તે ભાળતો નથી–દેખતો નથી.

ભગવાન! તું તને જાણતો નથી. તું તારી ઋદ્ધિને જાણવા નવરો નથી તો તને

શું કહેવું? રાગમાં એકાકાર થઈને રાગમા ફસાઈ જતાં નિજપદ પડયું રહ્યું. જેણે ચૈતન્યસ્વભાવ ધારી રાખ્યો છે એવા ભગવાન આત્માને ન જોયો ને પંચમહાવ્રતાદિની ક્રિયા કરે છે તે રાગની ક્રિયા છે, તેમાં રોકાઈને તેને દેખે છે પણ શુદ્ધ પવિત્ર સ્વરૂપને દેખતો નથી તેથી તે આંધળો છે. અતીન્દ્રિય આનંદના અનુભવથી જે ખાલી છે તેને આંધળો કહે છે. પૂર્ણ અતીન્દ્રિય આનંદને અતીન્દ્રિયને શાન્તિનો ડુંગર ભગવાન પોતે છે પણ તેની ખબર નથી તેથી આંધળો છે.

મનુષ્યપણું, નરકમાં નારકીપણું કે સ્વર્ગમાં દેવાદિપણું મળે પણ એ બધી કર્મની સામગ્રી છે, એ તારામાં નથી. ગતિરૂપે તું હો તો ગતિથી જુદો પડી શકે નહીં–એ તો કર્મની સામગ્રી છે. દયા–દાન આદિ કે હિંસા–જૂઠું આદિ અશુદ્ધભાવ એ બધી કર્મની સામગ્રી છે. જેમ સોનાનો લાટો હોય, બરફની શીતલ પાટ હોય એમ તું તો અતીન્દ્રિય આનંદનો લાટો છો, શાંતિની શીતલ પાટ છો, પણ તેને તું જોતો નથી ને પુણ્ય–પાપ આદિ અશુદ્ધ પરિણામને જુવે છો. અરેરે! ભાઈ, તને તારા અમૃતસ્વરૂપની ખબર નથી ને ઝેરનો પ્યાલા પીને પડયો છે!

પુણ્ય–પાપના ભાવ તથા વિષયજનિત સુખ–દુઃખ આદિ મારાં એમ માનીને તેં ચૈતન્યને ઘાયલ કરી નાખ્યો છે ભાઈ! એ બધી રાગની ક્રિયાને અનુભવનારા આંધળાઓ છે. ચાર ગતિ, રાગાદિ અશુદ્ધભાવ તથા ઇન્દ્રિયજનિત સુખ–દુઃખ એ તારું સ્થાન નથી એ તારું રક્ષણ નથી, એ તારું લક્ષણ નથી, તેથી અપદ છે.

અહીં કહે છે કે એ બધું તારું સ્થાન નથી, તારું રક્ષણ નથી. તેનું રક્ષણ કરવા જઈશ તો તારો ઘાત થઈ જશે. તેથી બે વાર કહ્યું છે કે એ તારું અપદ છે, અપદ છે. ત્યાં રહેવા લાયક તું નથી. ચાર ગતિ એ કાંઈ જીવનું સ્વરૂપ નથી, પુણ્ય–પાપના ભાવ થયા એ કાંઈ તારું સ્વરૂપ નથી ને પાંચ ઇન્દ્રિયના વિષય સુખ–દુઃખ એ જીવનું સ્વરૂપ નથી, એ તો અપદ છે, અપદ છે, એટલે કે તે જીવનું સ્વરૂપ સર્વથા નથી. પાપના ભાવ જીવના સર્વથા નથી એમ પુણ્યના ભાવ કે જેના ઠેકાણા પણ નથી તે જીવના સર્વથા નથી.

ચાર ગતિ, પુણ્ય–પાપરૂપ રાગાદિ અશુદ્ધપરિણામ, ઇન્દ્રિયવિષયજનિત સુખ–દુઃખના પરિણામ અને તેની સામગ્રી એ બધું સર્વથા જીવનું સ્વરૂપ નથી. ત્રણ લોકના નાથ પોકારે છે કે ભાઈ જ્યાં તારે જોવું જોઈએ ત્યાં તું જોતો નથી ને જે સર્વથા તારું સ્વરૂપ નથી ત્યાં જોવે છે માટે તું આંધળો છે. અરેરે! જેમ વંટોળિયાનું તરણું ક્યાં જઈને પડશે? તેમ મિથ્યાત્વભાવના વંટોળિયાથી ૮૪ લાખ યોનિમાં ક્યાં જઈને પડશે? તેથી કહે છે કે ચાર ગતિ, પુણ્ય–પાપ ભાવ આદિ એ બધું તારું સ્વરૂપ સર્વથા નથી એમ વિશેષપણે અવશ્ય જાણ.

ચાર ગતિ–દેવગતિ હો કે મનુષ્યગતિ હો–તે કર્મની સામગ્રી છે, આત્માથી વિરુધ્ધ એવા કર્મની સામગ્રી છે, તેને તે લક્ષમાં લીધી, પંચમહાવ્રતાદિને લક્ષમાં લીધાં, પણ તારા સ્વરૂપને તેં કદી લક્ષમાં ન લીધું. દયા–દાન–પૂજા–ભક્તિનો ભાવ રાગ છે, હિંસા–જૂઠું આદિ અશુભભાવ તો રાગ છે જ પણ શુભભાવ પણ રાગ છે, રાગભાવ અશુદ્ધભાવ છે ત્યાં તું નથી.

આંખથી રૂપ જોવાની વૃત્તિ કે રસના સ્વાદ લેવાની વૃત્તિ આદિ જે પાંચ ઇન્દ્રિયના વિષયો ભોગવવાની સુખ–દુઃખની વૃત્તિ તે દુશ્મન એવા કર્મની સામગ્રી છે, એ તારું સ્વરૂપ નથી. ભગવાન! તું જ્યાં છે ત્યાં તે નથી ને તે જ્યાં છે ત્યાં તું નથી. સર્વથા એ તારું સ્વરૂપ નથી, શુભરાગ આદિ બધું તને કલંક રૂપ છે, કર્મની સામગ્રી છે, એ તારું સ્વરૂપ સર્વથા નથી–એમ તું અવશ્ય જાણ.

એ બધી માયાજાળ છે, પુણ્ય–પાપના ભાવ, ચાર ગતિ, પાંચ ઇન્દ્રિયના અનુકૂળ સંયોગો એ બધી કર્મની સામગ્રી છે, માયાજાળ છે તેમાં તું હોંશે હોંશે ફસાયો છે. પ્રવચનસારમાં આવે છે કે એ બધું અનિષ્ટ છે. તારી મહિમાની શી વાત! જેનો પાર આવતો નથી એવી તારી મહિમા છે. પુણ્ય–પાપના ભાવ, અનુકૂળ સામગ્રી આદિ માયાજાળ છે ને ભગવાન આત્માનું સત્ત્વ અપરિમિત શક્તિનો ભંડાર છે પણ અરેરે! પર્યાયબુદ્ધિ આડે તેં ભગવાન આત્માને દેખ્યો નથી.

રાગનો રાગ કરનારાને, પુણ્યનો રાગ કરનારાને, સ્ત્રી–પુત્રાદિનો રાગ કરનારાને ચૈતન્યનો પ્રેમ નથી, તે ચૈતન્યનો ખૂની છે. માયાજાળનો પ્રેમીલો શુદ્ધસ્વરૂપી ભગવાનનો ખૂની છે. તારા ચૈતન્યના ખજાનાને જ જોતાં જે ખજાનો ખાલી છે એવા શુભાશુભમાં તું પડયો છે. ભાઈ! તને મનુષ્યપણું મળ્યું છે ને! –જો તું તારા આત્માને અનુભવે તો મનુષ્યપણું મળ્યું કહેવાય, નહીં તો મનુષ્યરૂપે ઢોર સમાન છે.

પુણ્ય–પાપના ભાવ અને તેના ફળમાં રાગ કરનારા જીવો અનાદિ કાળથી સૂતેલાં છે. ચૈતન્ય જ્ઞાનાનંદ સ્વરૂપને છોડીને જે આ પુણ્ય–પાપના ભાવમાં ને તેના ફળમાં રાગી છે ને તે રૂપ પોતાને અનુભવે છે, તે જીવો માયાજાળમાં સૂતાં છે. અનાદિકાળથી જીવો પૈસા આદિને ભોગવતાં નથી પણ ‘એ ઠીક છે’ એમ રાગ કરીને રાગને ભોગવે છે, રાગના સ્વાદને લઇને અનાદિથી સૂતા છે. અનાદિથી શુભને અશુભ રાગને જ ભોગવે છે. ‘હું દેવ છું’ , હું મનુષ્ય છું’ –એ રાગનો સ્વાદ લેનારા છે, તે બિચારા છે. અતીન્દ્રિય આનંદના સુખાસ્વાદને માણ્યો નથી ને અનાદિના રાગને અનુભવ્યો છે તેથી તે સૂતો છે.

બાપુ! તેં રસગુલ્લાનો સ્વાદ લીધો જ નથી. આકુળતા ને દુઃખના સ્વાદ જ તું અનાદિથી આસ્વાદી રહ્યો છે. પૈસાદિ અનુકૂળ સામગ્રી વડે હું સુખી છું એમ પર્યાય માત્રને પોતાપણે અનુભવે છે, પણ વસ્તુસ્વભાવને અનુભવતો નથી તેથી તે દુઃખી પ્રાણી દુઃખને જ અનુભવે છે. જેમ વાત, પિત્ત ને કફ ત્રણે વકી જવાથી સન્નિપાત થાય ત્યારે દુઃખની પરાકાષ્ટા વધી ગઈ છે તેથી હસે છે, પણ છે તો દુઃખી. તેમ મિથ્યાદ્રષ્ટિને મિથ્યા દર્શન–જ્ઞાન–ચારિત્રનો સન્નિપાત થયો છે તેથી પુણ્ય–પાપના ભાવમાં અને તેની સામગ્રીમાં પોતાને સુખી માને છે, પણ તે દુઃખી જ છે, કેમકે તે જીવનું સ્વરૂપ નથી. પ્રભુ! તારી મોટપની તને ખબર નથી ને તારી મોટપ સિવાયની બહારની વાતોમાં હરખાઈ ગયો છો તેથી તું દુઃખી છો.

તારી મોટાઈની શી વાત બાપુ! તારી મોટાઈની વાત તો સર્વજ્ઞની વાણીમાં પણ ન આવી શકે! એને ભૂલીને તું પુણ્ય–પાપની મોટાઈમાં ચઢી ગયો છે. ‘જે સ્વરૂપ સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં, કહી શક્યા નહીં પણ તે શ્રી ભગવાન જો, તે સ્વરૂપને અન્ય વાણી તે શું કહે? અનુભવગોચરમાત્ર રહ્યું તે જ્ઞાન જો’ એવા સ્વરૂપની તને મોટપ દેખાતી નથી ને બહારની મોટાઈમાં ચઢીને રખડી રહ્યો છે.

કેવા છે મિથ્યાદ્રષ્ટિ જીવો! કે જે વખતે જે પર્યાય મળી તે–રૂપે પોતાને માનીને મિથ્યાત્વરૂપી મતવાળો થયો છે કે જે મતવાળાપણું મટતું નથી. પંડિત બનારસીદાસ કહે છે કે–

**ઘટ-ઘટ અંતર જિન બસે, ઘટ-ઘટ અંતર જૈન;**
**મત-મદિરાકે પાનસોં, મતવાલા સમજે ન.**

અહીં કહે છે કે મિથ્યાદ્રષ્ટિને જેવો પર્યાય મળે–તે રૂપ પોતાને માનતો થકો મતવાળો થયો છે કે જે મતવાળાપણું મટતું નથી. અનાદિ કાળથી પુણ્ય–પાપના ભાવ અને તેના ફળમાં અંધ એવા અજ્ઞાની જીવો ઘોર નિદ્રામાં સૂતેલાં છે. બહારની મીઠાશ તો ક્યાંથી રહી, શાસ્ત્રના જાણપણાની મીઠાશ પણ મિથ્યાત્વ છે. અનાદિકાળથી ભગવાનને ભૂલીને એ વર્તમાન અવસ્થામાં સૂતેલા છે.

આ કળશ તો કળશ છે ને! અંદરથી ઊછળી આવે એવો કળશ છે. અનાદિકાળથી પુણ્ય–પાપ ને તેના ફળના સ્વાદને જ સર્વે મિથ્યાદ્રષ્ટિઓ આસ્વાદે છે કે હું દેવ છું, હું મનુષ્ય છું, પૈસાવાળો છું, પણ અરેરે! દુશ્મને તને ઘેરો ઘાલ્યો છે! અનંતકાળ સામગ્રીના અનુભવમાં ગાળ્યો. જયાં–જયાં જેવો પર્યાય મળ્યો ત્યાં–ત્યાં તેવો તને માન્યો

પણ બાપુ! એ બહારની માયાજાળ છે અને તેં મિથ્યાશ્રદ્ધાનો દારૂ પીધો છે, તું મતવાલો થઈ ગયો છે. ભગવાનના સમવસરણમાં જઈ આવ્યો પણ અભિપ્રાયમાંથી પર્યાયબુદ્ધિ અર્થાત્ મતવાલાપણું છોડયું નહીં.

અહીં તો સંતો કહે છે કે પ્રભુ! તું બહારના પંથે ન જા, ન જા, પુણ્ય–પાપના ભાવ ને તેના ફળ એ બધાય દુશ્મનના વિસ્તાર છે, તે પંથે ન–જા, ન–જા, વર્તમાન જે ઉઘડેલી પર્યાય છે તે પર્યાયના પંથે ન–જા ભાઈ, તને ઘાયલ કરી નાખે છે. તારી શાંતિના માથે છરા પડે છે, પણ તને ખબર નથી. એક સમયની પર્યાયમાત્રના માર્ગે હે જીવો! તમે ન જાઓ, ન જાઓ, કેમ કે એ તમારો માર્ગ નથી, નથી–એમ પોકાર કરીને સંતો કરુણાપૂર્વક જાગ્રત કરે છે. ભાઈ! તું ક્યાં જાય છે? આ માર્ગ પર આવ, આવ. અંદર કે જયાં કર્મની ઉપાધિ કે રાગાદિ નથી એવો અનાદિ શાશ્વત તારો ભગવાન મૌજુદ છે ત્યાં આવ, ત્યાં આવ. અનાદિથી આત્માને ઝેરના ઊંડે કૂવે ઊતાર્યો છે, હવે અહીં આવ, અહીં આવ. ચારગતિના ઊંડે કૂવે ઊતારીને શાંતિને ડૂબાડી દીધી છે. ભાઈ! શાંતિનો નાથ એક બાજુ મૂકીને આ પામરતા તારા હાથમાં–દ્રષ્ટિમાં ક્યાંથી આવી? ભાઈ! હવે આ માર્ગે આવ, આવ. એ પરદેશથી ખસીને અનંત શક્તિનાં તારા સ્વદેશમાં આવ, આવ.

પ્રભુ! અણગોઠતી ચીજમાં તને કેમ ગોઠે છે? ને ગોઠતી ચીજમાં કેમ આવતો નથી? અનિત્યમાંથી ખસી જા, ખસી જા, ને નિત્યમાં આવી જા, આવી જા. પ્રભુ! અંદર તારો ભગવાન બિરાજે છે પણ તારી મોટપની તને ખબર નથી. કેવો છે તું? જાણન, જાણન, જાણન, ચેતના, ચેતના, ચેતના એવું છે તારું રૂપ, ત્યાં આવી જા, તને શાંતિ થશે, તને ભવના અંત આવી જશે.

જેમ સોનું પોતાને સ્વરૂપને ધારી રાખે છે તેમ ચૈતન્યધાતુએ પોતાના ચૈતન્ય સ્વરૂપને અનાદિથી ધારી રાખેલ છે તેથી તેમાં રાગાદિ આવતા નથી. ભાઈ! તને ખબર નથી, તારો નાથ અતીન્દ્રિય આનંદનો નાથ સચ્ચિદાનંદ પ્રભુ છે. જેણે ચેતવું ચેતવું એવો જાણવા–દેખવાનો સ્વભાવ ધારી રાખ્યો છે કે જેમાં પુણ્ય–પાપના ભાવ નથી એવું તત્ત્વ તું છે.

અહાહા! આ કળશ ગજબ છે! –એકવાર તો સાંભળતા સંસારની હોશું ઊડી જાય એવું છે. અરે! સાચું સાંભળવા મળે નહીં, સાચું સાંભળવા માટે નિવૃત્તિ મળે

**( અનુસંધાન ૧૧ મા પાના પર જુઓ )**

## ભાઈ ! એકવાર તારા ચૈતન્યસ્વરૂપમાં તને સ્થાપ

અનાદિ સંસારથી માંડીને આ જીવ પોતાના અપરાધથી ચારગતિમાં રખડી રહ્યો છે, કર્મ રખડાવે છે માટે રખડી રહ્યો છે તેમ નથી. ત્રિકાળી ચૈતન્યનો મહિમા છોડી દઈને પુણ્ય-પાપના ભાવમાં સ્થિત થયો છે તે પોતાનો અપરાધ છે અને ત્યાંથી પાછો ફરીને પૂર્ણાનંદના નાથની દ્રષ્ટિ કરે છે તે પોતાની પ્રજ્ઞાનો ગુણ છે, પ્રજ્ઞાના ગુણ વડે બહારથી ખસીને અંદરમાં વળે છે.

પ્રભુ ! તું એકવાર રાગાદિથી પાછો વળીને દર્શન-જ્ઞાન-ચારિત્રમાં તને અતિ નિશ્ચળપણે સ્થાપ. ગુણ-ગુણીના ભેદ-વિકલ્પ આદિ સમસ્ત પ્રકારની ચિંતા છોડી દઈને દર્શન-જ્ઞાન-ચારિત્રને ધ્યા-અનુભવ. ભાઈ ! તું રાગાદિમાં ન જા, ન જા. કૃતકૃત્ય આનંદના નાથ જ્ઞાયકનું એકનું જ અવલંબન લે, તારું જરૂર કલ્યાણ થશે.

[ શ્રી સમયસાર, ગાથા-૪૧૨, પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી ]

તું સ્થાપ નિજને મોક્ષપંથે, ધ્યા, અનુભવ, તેહને;
તેમાં જ નિત્ય વિહાર કર, નહિ વિહર પરદ્રવ્યો વિષે. ૪૧૨.

## ∗ તું સ્થાપ નિજને મોક્ષપંથે ∗

હે ભવ્ય ! વસ્તુ અનાદિની છે તેથી અનાદિ સંસારથી માંડીને પોતાનો દોષ છે, કર્મનો દોષ નથી. સંકલ્પ–વિકલ્પ કરે છે તેમાં આત્માની શાંતિનો ઘાત થાય છે. આત્મા શુદ્ધ આનંદરસકંદ છે પણ પોતાના અપરાધને કારણે પુણ્ય–પાપના અસંખ્ય પ્રકારને કરી રહ્યો છે ને ૮૪ લાખ યોનિના અવતારમાં રખડી રહ્યો છે. શુભાશુભ ભાવ પરદ્રવ્ય છે એટલે કે ભગવાન આત્મા તેનાથી ભિન્ન છે, છતાં અનાદિથી અજ્ઞાની રાગ–દ્વેષમાં

નિરંતર સ્થિત છે. ત્રિકાળી ચૈતન્યનો મહિમા છોડી દઈને પુણ્ય-પાપના ભાવમાં સ્થિત છે. ભગવાન અમૃતસ્વરૂપ છે ને પુણ્ય-પાપના ભાવ ઝેર સ્વરૂપ છે, અનાદિથી અજ્ઞાની ઝેરને પી રહ્યો છે. પરદ્રવ્ય સાથે કાંઈ સંબંધ નથી પણ ભગવાનને ભૂલીને ભ્રમણા ઉત્પન્ન કરી છે. કદાચિત્ સંસારના પાપથી ખસી ગયો ને પુણ્યમાં આવ્યો, છતાં તે રાગ છે. અનાદિથી અજ્ઞાની પોતાના અપરાધથી પુણ્ય-પાપમાં નિરંતર રાચી રહ્યો છે. અરેરે! ભગવાન અનંત અમાપ શક્તિનો પ્રભુ છે તેને ભૂલીને અનાદિથી રાગાદિમાં નિરંતર રહ્યો છે.

હવે કહે છે કે પર્યાયમાં રાગ-દ્વેષ છે ત્યાંથી પાછો ફર્યો તે પોતાની પ્રજ્ઞાનો ગુણ છે. પોતાની પ્રજ્ઞાના ગુણ વડે અંદરમાં વળે છે. જે જ્ઞાનની પર્યાય રાગ-દ્વેષમાં સ્થિત હતી તેને પોતાની પ્રજ્ઞાના ગુણ વડે વડે તેનાથી પાછી વાળીને ભગવાન પૂર્ણાનંદનો નાથ છે ત્યાં દ્રષ્ટિ કરે છે. દર્શનમોહકર્મ ખસી ગયું માટે રાગાદિથી પાછો વળે છે તેમ નથી પણ પોતાની પ્રજ્ઞાના ગુણ વડે રાગાદિથી પાછો વળીને સ્વરૂપમાં જાય છે.

પર્યાયબુદ્ધિમાં સ્થિત છો પણ તારી પ્રજ્ઞાના પુરુષાર્થથી તેમાંથી પાછો વળ. અનંત અનંત શક્તિનો સાગર તે તારું સ્વરૂપ છે, ત્યાં તું તને એવી રીતે સ્થાપ કે પાછો ફરે નહીં. દર્શન-જ્ઞાન-ચારિત્રમાં આત્માને નિશ્ચળપણે સ્થાપ, ત્યાં રોક. તું પોતે જ રાગાદિમાં રોકાતો હતો, હવે તું પોતે જ તને દર્શન-જ્ઞાન-ચારિત્રમાં સ્થાપ.

આનંદ ને જ્ઞાનનો સાગર અમાપ શક્તિવાળો તું છો, પ્રભુ! એકવાર રાગાદિથી પાછો વળીને દર્શન-જ્ઞાન-ચારિત્રમાં તું તને અતિ નિશ્ચળપણે સ્થાપ, નિરંતર સ્થાપ. તારી પોતાની પ્રજ્ઞાના ગુણ વડે જ તું તને દર્શન-જ્ઞાન-ચારિત્રમાં નિરંતર સ્થાપ. વ્યવહારરત્નત્રય વડે એમ નથી કહ્યું હો! પણ તારી પ્રજ્ઞાના ગુણ વડે જ દર્શન-જ્ઞાન -ચારિત્રમાં નિરંતર સ્થાપ એમ કહ્યું છે.

## * ધ્યા, અનુભવ તેહને *

સમસ્ત પ્રકારની ચિંતાને રોકીને એટલે કે ગુણ-ગુણીના ભેદ-વિકલ્પ પણ ચિંતા છે ને દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિનો વિકલ્પ પણ ચિંતા છે, એ સમસ્ત ચિંતાને છોડીને એકાગ્રપણે દર્શન-જ્ઞાન-ચારિત્રને જ ધ્યા. ધ્યાન કરતાં તો આવડે છે, કેમકે આર્ત્ત-રૌદ્ર-ધ્યાન તો કરે છે, તેથી કહે છે કે હવે દર્શન-જ્ઞાન-ચારિત્રને ધ્યા. ધ્યાવે છે તો ધ્રુવ ચૈતન્યને પણ આર્ત્ત-રૌદ્ર ધ્યાનમાં હતો ત્યાંથી પાછો વળીને દર્શન-જ્ઞાન-ચારિત્રને ધ્યા તેમ અહીં કહે છે. ઊંધું ધ્યાન કરતાં-રાગાદિમાં એકાગ્ર થતાં તો આવડે છે પણ હવે સવળું ધ્યાન કર.

જો તારે જનમ–મરણના અંત લાવવા હોય તો પૂર્ણાનંદના નાથની પ્રતીતિ, જ્ઞાન ને રમણતાને એકને જ ધ્યા, બીજી બધી ચિંતા મૂકી દે. વિકલ્પમાત્રની ચિંતા છોડી દઈને, દેવ–ગુરુ–શાસ્ત્રની ભક્તિ આદિ શુભના વિકલ્પની ચિંતા છોડી દઈને દર્શન–જ્ઞાન–ચારિત્રને ધ્યા. દયા–દાન–વ્રત–ભક્તિનો ભાવ હો, પણ તે કર્મચેતના છે, વિકારી ભાવ તે કર્મચેતના છે ને રાગમાં હરખ આવવો તે કર્મફળચેતના છે, તેનો ત્યાગ કરવો. સ્ત્રી–પુત્ર–પૈસાદિનો ત્યાગ કરવો તેમ નથી કહ્યું કેમકે તેનો તો સ્વરૂપમાં ત્યાગ છે જ. તેથી રાગનું કર્તૃત્વ અને ભોકતૃત્વ છે તેનો ત્યાગ કરવો ને જેની હૈયાતી ચેતનામય છે તેમાં એકાગ્ર થઈને દર્શન–જ્ઞાન–ચારિત્રને જ ચેત–અનુભવ.

મહાવ્રત આદિનો ભાવ હો કે ગુણ–ગુણીની ભેદ કલ્પના હો પણ તે કર્મચેતના છે. તેથી કર્મચેતના અને કર્મફળચેતનાના ત્યાગ વડે જે શુદ્ધ જ્ઞાનચેતનામય છે તેમાં એકાગ્ર થઈને દર્શન–જ્ઞાન–ચારિત્રને જ ચેત–અનુભવ. પુણ્ય–પાપના ભાવ એ તો અપદ છે, વિપદા છે, તે તારું સ્થાન નથી. તારું નિજપદ તો શુદ્ધ જ્ઞાનચેતનામાત્ર છે, તેમાં એકાગ્ર થઈને દર્શન–જ્ઞાન–ચારિત્રને જ અનુભવ, બંધનથી છૂટવાનો આ એક જ માર્ગ છે.

## * તેમાં જ નિત્ય વિહાર કર *

હવે કહે છે કે તેમાં જ વિચર. શેમાં વિચર? –કે અનંત શક્તિનું સ્થાન જે ધ્રુવ દ્રવ્ય તેના આશ્રયે ક્ષણે ક્ષણે દર્શન–જ્ઞાન–ચારિત્રના પરિણામ થાય તે નિર્મળ પરિણામ વડે તે પરિણામમાં તન્મય થઈને દર્શન–જ્ઞાન–ચારિત્રમાં જ વિચર; રાગ–દ્વેષમાં અનંતકાળથી વિહાર કર્યો છે ને તેના ફળમાં ચાર ગતિના સંસાર મળ્યા છે. તેથી હવે કહે છે કે દર્શન–જ્ઞાન–ચારિત્રમાં જ નિત્ય વિહાર કર.

સંસારના પાપમાં આખો દિવસ રચ્યો પચ્યો રહે છે ને પુણ્યના તો ઠેકાણા પણ નથી. અરેરે! અહીં તો કહે છે કે રાગાદિમાં ન જા, પુણ્ય–પાપના વિકલ્પમાં ન જા, એ તો દુઃખના પંથ છે, ત્યાં ન જા. વસ્તુ છે તે કૃતકૃત્ય આનંદનો નાથ છે. તેના ઉપર દૃષ્ટિ દેતાં સ્વભાવના વશે જે કાંઈ દર્શન–જ્ઞાન–ચારિત્રના પરિણામ થાય તેમાં જ વિહાર કરતા થકા જ્ઞાનરૂપ એકને જ અનુભવો, એકને જ અવલંબો. અહીં ભલે દર્શન–જ્ઞાન–ચારિત્રની પર્યાયમાં વિચરવાનું કહ્યું પણ જ્ઞાનરૂપ એકનું જ એટલે કે જ્ઞાયકનું અવલંબન લેવાનું કહ્યું.

ભવ ને ભવના ભાવથી રહિત પ્રભુ છે, તેના સિવાય બીજે ક્યાંય ચેન પડે નહીં તેવી વસ્તુ છે. ચૈતન્યસ્વરૂપ એક જ ચેન પડે તેવી ચીજ છે તેથી તેને એકને જ

અવલંબો. અહીં એકાંત જ્ઞાયકસ્વભાવને જ અચળપણે અવલંબો તેમ કહ્યું છે, નિમિત્તનું દેવ–ગુરુ–શાસ્ત્રનું, રાગનું કે શુદ્ધપર્યાયનું પણ અવલંબન લેવા કહ્યું નથી.

પ્રભુ! એકવાર તું તારા ચૈતન્યનું અવલંબન લે ને! તેનો આધાર લે ને! ચેતના સ્વરૂપ ચેતનનું આલંબન લે તો તને ધર્મ થશે. એ સિવાય ત્રણકાળમાં ધર્મ થશે નહીં. દયા–દાન–વ્રત ભક્તિથી તો ધર્મ નહીં થાય પણ નિર્મળ પર્યાયના અવલંબનથી પણ ધર્મ નહીં થાય. તેથી તીર્થંકરદેવનો આ પોકાર છે કે પ્રભુ! એકવાર તારા ત્રિકાળી સ્વભાવનું અવલંબન લે, તારું કલ્યાણ થશે.

ભાઈ! તને ખબર નથી, આત્મા વસ્તુ છે તે અનંત અનંત અમાપ શક્તિનો સાગર પોતે છે, તેનું એક વાર અવલંબન લે. આ એક જ માર્ગે છે, જગતને આકરું પડે પણ શું થાય? દયા–દાન–યાત્રા–પૂજા આદિ રાગની ક્રિયા છે, તેં તારી ક્રિયા નથી. ભાઈ! જિનેશ્વરદેવનો આ પોકાર છે કેઃ–

**ઘટ ઘટ અંતર જિન બસે, ઘટ ઘટ અંતર જૈન,**
**મત-મદિરાકે પાનસોં, મતવાલા સમજે ન.**

અંતરમાં જિન વસે છે, તેમાં એકાગ્ર થતાં જૈનપણું પ્રગટે છે, પણ શુભરાગ આદિ તે હું, તેનાથી મને ધર્મ થશે એવા મિથ્યાત્વરૂપી મોહ–મદિરાના કારણ મિથ્યાદ્રષ્ટિ પોતાના જિનસ્વરૂપને સમજતો નથી, ઓળખતો નથી.

ભગવાન એમ કહે છે કે તારા ચૈતન્યસ્વભાવમાં જ્ઞાન આનંદ આદિ ભર્યા પડયા છે તેથી એક વાર રાગની એકતાના પડને તોડી દે તો પાતાળ કૂવામાંથી પાણીના ધોધ વહે તેમ અંતરમાંથી આનંદામૃતના ધોધ વહેશે, એક વાર ધ્રુવનું અવલંબન લે ભાઈ! ત્રિકાળીનું એકનું જ અચળપણે અવલંબન લે, –અનંત તીર્થંકરોનો આ પોકાર છે. પ્રભુ! તું પોતે જ પરમેશ્વર છો. પર્યાયમાં પરમેશ્વરપણું આવે છે ક્યાંથી? અંતરમાં પડયું છે ત્યાંથી પ્રગટ થાય છે.

## * નહિ વિહર પરદ્રવ્યો વિશે *

દયા–દાન કે હિંસા–જૂઠું આદિ તો ઉપાધિ ભાવ છે, એ તારા સ્વરૂપમાં નથી. ધર્મીને પણ દયા–દાન આદિનો રાગ આવે પણ તે પરજ્ઞેયરૂપ હોવાથી ઉપાધિ છે. ભગવાન કહે છે કે પ્રભુ! તું મારી સામે જોઈશ તો તને રાગ થશે, રાગ તો ઉપાધિ–સ્વરૂપ છે. શુભ વિકલ્પ આવે, પણ તે ઉપાધિ છે, સમાધિ નથી, ભગવાન આત્માનો

એ સ્વભાવ નથી. તેથી તેમાં ન વિચર, જરીએ ન વિચર. નિશ્ચયમાં વિહર પણ વ્યવહારમાં જરીયે ન વિહર. રાગાદિમાં જરીયે ન વિચર.

ત્રણલોકના નાથ એમ પોકારે છે કે અમારી સામે ન જોઈશ, કેમ કે અમે તારે માટે પરદ્રવ્ય છીએ, અમે તારું દ્રવ્ય નથી. તેથી તું તારામાં જ નિત્ય વિહર. પ્રભુ, તું કોણ છો ? –કે જેમ સિંહની ત્રાડથી બકરાંના ટોળા ભાગી જાય તેમ ત્રણલોકનો નાથ અંદરથી જાગે ત્યાં પુણ્ય–પાપના ભાવો ભાગી જાય એવો તું છો, માટે જ તેનું અવલંબન લે, એ એક જ સુખનો પંથ છે. તેથી પરમાર્થે એ જ ઉપદેશ છે કે નિશ્ચયમોક્ષમાર્ગનું સેવન કરવું.

[ રે અંધ જીવ ! : અનુસંધાન ૬ ઠ્ઠા પાનાનું ચાલુ ]

**નહીં ! આંખ મીંચાતા ચાલ્યા જશે, ભવહારી જશે.**

ચેતનામાત્ર વસ્તુ શુદ્ધ શુદ્ધ છે, પ્રભુ તું શુદ્ધ છો. સ્થાયી અવિનશ્વરભાવને પામેલો ભગવાન છે, ત્યાં એક વાર આવી જા. જેવી વસ્તુ છે ત્યાં જા ને ! અંદરમાં જા ને બહારમાંથી ખસી જા ! ધ્રુવ ભગવાન આત્માને વર્તમાન ધ્યાનની પર્યાયનો વિષય બનાવ. ચેતનાનો રસ અંદર ભર્યો છે. અનાદિથી જે પુણ્ય–પાપના રસમાં પડયો છે તે ચેતનાના રસથી ખાલી છે ને જેમાં આનંદ સાથે આવે એવો ચેતનાનો રસ અંદર ભર્યો છે, ચેતના સ્વરૂપથી ભરેલી વસ્તુ છે ત્યાં નજર કર તો તને સમકિત થશે.

[ શુદ્ધ ચિદ્રુપ વસ્તુનેઃ અનુસંધાન ૧૪ મા પાનાનું ચાલુ ]

અનંતગુણની ખાણ એવો જે ચૈતન્ય ચિંતામણિરત્ન છે, તેનો અનુભવ તે ચિંતામણિરત્ન છે. ચૈતન્ય ચિંતામણિના અનુભવથી ધર્મ થશે એમ નિશ્ચય કર એ સિવાય રાગથી ધર્મ થશે એમ બિલકુલ નથી. એટલે કે વ્યવહાર કરતાં કરતાં ધર્મ થશે એમ નથી, કેમકે રાગની ક્રિયા તો દુઃખરૂપ છે.

જેવી રીતે કોઈ પુણ્યવાન મનુષ્યના હાથમાં ચિંતામણિરત્ન હોય તે પુરુષ જે ચિંતવે તે તેને પ્રાપ્ત થઈ જાય છે. તેવી રીતે સમ્યગ્દ્રષ્ટિ જીવ પાસે શુદ્ધ સ્વરૂપના અનુભવરૂપી ચિંતામણિરત્ન છે, અતીન્દ્રિય આનંદના નાથના અતીન્દ્રિય આનંદના વેદનરૂપી, ચિંતામણિરત્ન છે, તેથી તેનાથી કર્મનો ક્ષય થાય છે, પરમાત્મપદની પ્રાપ્તિ થાય છે. માટે હે જીવ ! તું ચૈતન્યના અનુભવરૂપી ચિંતામણિરત્ન પ્રાપ્ત કર.

દુઃખના વિનાશને અર્થે, અતીન્દ્રિય સુખની પ્રાપ્તિને અર્થે

## શુદ્ધ ચિદ્રુપ વસ્તુને નિરંતર અનુભવ

**નિજ પરમાત્મતત્ત્વનો અનુભવ શું કરવા કરવો ?-કે ચારગતિરૂપ સંસાર સંબંધી જે દુઃખ છે તેના વિનાશને માટે તેમ જ અતીન્દ્રિય આનંદની પ્રાપ્તિ માટે નિજ સ્વભાવનો નિરંતર અનુભવ કરે છે તેમ જ્ઞાની શુદ્ધ સ્વરૂપ નિજ સ્વભાવનો નિરંતર અનુભવ કરે છે. માટે તું પણ તારા શુદ્ધસ્વરૂપનો અનુભવ કર, કેમકે નિજ સ્વરૂપનો અનુભવ એ જ તારો પરિગ્રહ છે, તને અન્ય પરિગ્રહથી શું પ્રયોજન છે ? આ દ્રવ્ય છે, આ ગુણ છે એવા ગુણ-ગુણીના વિકલ્પરૂપ પરિગ્રહથી તને શું પ્રયોજન છે ? શુદ્ધ ચિદ્રુપનો અનુભવ એ જ ચૈતન્યચિંતામણિરત્ન છે. તેથી દુઃખના વિનાશને માટે, અતીન્દ્રિય આનંદની પ્રાપ્તિ માટે તું ચૈતન્યચિંતામણિરત્નને પ્રાપ્ત કર.**

[ શ્રી કળશ–ટીકા, કળશ ૧૪૪, પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી ]

જેમ અજ્ઞાની અનાદિ કાળથી પુણ્ય–પાપના રાગને વેદે ને અનુભવે છે, તે દુઃખને વેદે છે. તેમ જ્ઞાની જીવ જ્ઞાનનો રસકંદપ્રભુ કે જે રાગથી ભિન્ન છે તેને અનુભવે છે. ધર્મી જીવ નિરંતર અતીન્દ્રિય આનંદને અનુભવે છે. અતીન્દ્રિય આનંદનો કંદ પ્રભુ છે તેને જે નિરંતર અનુભવે છે તેને સમ્યગ્દ્રષ્ટિ કહે છે, અને તેને ધર્મ થાય છે, તેને નિર્જરા થાય છે.

ચાર ગતિના દુઃખનો નાશ અને અતીન્દ્રિય આનંદની પ્રાપ્તિને માટે સમ્યગ્દ્રષ્ટિ જીવ નિરંતર ચૈતન્ય ભગવાનને અનુભવે છે. ચૈતન્ય ભગવાનનો અનુભવ શું કરવા કરવો ?–કે

ચારગતિના દુઃખનો નાશ અને અતીન્દ્રિય સુખની પ્રાપ્તિ એવા કાર્યની સિદ્ધિ માટે અનુભવ કરવો. દુઃખના નાશને માટે ને અતીન્દ્રિય આનંદની પ્રાપ્તિને માટે નિરંતર અનુભવ કરે છે, કોનો અનુભવ કરે છે? –કે શુદ્ધ જ્ઞાનપદનો અનુભવ કરે છે કે જેના અનુભવથી દુઃખનો નાશ થાય છે ને સુખની પ્રાપ્તિ થાય છે.

હવે કહે છે કે આનંદનો નાથ પકડયો છે તે આત્માનો–તારો પરિગ્રહ છે, પછી બીજા પરિગ્રહથી તને શું? કેમકે દયા–દાન આદિનો રાગ છે તેને પરિગ્રહ માનું તો હું અજીવ થઈ જાઉં. અચિંત્યદેવને અનંત જ્ઞાન ને આનંદનું સામર્થ્ય એવા સ્વરૂપને પકડયો છે તે મારો પરિગ્રહ છે, એવા નિજસ્વરૂપના પરિગ્રહના કારણે અન્ય પરિગ્રહનું મારે શું કામ છે? અન્ય પરિગ્રહ એટલે? –કે હિંસા જૂઠું આદિ અશુભ વિકલ્પ તથા દયા–દાન આદિના શુભ વિકલ્પ એ બધા વિકલ્પો બાહ્ય પરિગ્રહ છે, તેનું તને શું કામ છે? શું પ્રયોજન છે? જ્યાં મને મારા અતીન્દ્રિય આનંદની ભરતી આવે છે, એ અનુભવમાં હું નિરંતર વર્તું છું તો દયા–દાન આદિના શુભ ભાવનું મને શું કામ છે? કેમકે એ રાગ છે. રાગ છે તે દુઃખ છે, એ દુઃખનું મને શું કામ છે?

જેને આત્મા સમ્યગ્દર્શનમાં પ્રતીતમાં આવ્યો તેને ચારગતિના દુઃખનો નાશ ને અતીન્દ્રિય સુખની પ્રાપ્તિનું કાર્ય સિદ્ધ થતાં દયા દાન આદિ શુભ તેમજ અશુભ વિકલ્પનું શું કામ છે? અથવા તો પરદ્રવ્યોમાં પ્રેમરૂપ રાગાદિનું મારે શું કામ છે? અરે! આ જીવ છે ને આ જડ છે ઇત્યાદિ દ્રવ્યભેદના વિકલ્પોથી મને શું પ્રયોજન છે? જેણે અતીન્દ્રિય આનંદના નાથને પકડયો છે એવા ધર્મીને દુઃખના નાશનું ને સુખની પ્રાપ્તિનું કાર્ય સિદ્ધ થયું છે તે કહે છે કે શુભાશુભ વિકલ્પોનું કે દ્રવ્યભેદના વિચારોનું મારે શું કામ છે? –કેમ કે તેનાથી કાંઈ કાર્યસિદ્ધિ થતી નથી.

અહીં કહે છે કે એક વાર સાંભળ પ્રભુ! તારા જ્ઞાન ને આનંદ સ્વભાવી જ્ઞાતાદ્રષ્ટા જ્ઞાયકપ્રભુના અનુભવથી જે અતીન્દ્રિય આનંદનું વેદન આવે તેની આગળ ઇન્દ્રપદ પણ તુચ્છ લાગે છે. અરે! એવા આનંદના વેદન માટે ‘આ દ્રવ્ય છે’ ઇત્યાદિ વિકલ્પોનું પણ તારે શું કામ છે? દ્રવ્ય–ગુણ–પર્યાયના ભેદવિકલ્પોનું પણ તારે શું કામ છે?

અરેરે! બહારની હોંશ કરે છે તે આત્માની શાંતિનો ઘાત કરે છે. આત્માને ઘાયલ કરે છે. પ્રભુ! એકવાર સાંભળતો ખરો! અનંત તીર્થંકરો ને અનંત કેવળીઓ જે કહેતાં આવ્યા છે તે આ વાત છે. ભાઈ! તું કોણ છો? કેવડો છો? –અનંત શક્તિનો નાથ જ્ઞાયકપ્રભુ છો, તેને અનુભવમાં લઈને અતીન્દ્રિય આનંદનો અનુભવ કરવો તે નિર્જરા છે. પૂર્ણાનંદના નાથને ધ્યેય બનાવીને આનંદનો અનુભવ કર, એ જ કરવાનું છે, એ કરવા

માટે નિવૃત્તિ લેવી જોઈએ. શ્રીમદ્ રાજચંદ્ર તો કહે છે કે મુમુક્ષુને આજીવિકા મળતી હોય તો વિશેષ પ્રવૃત્તિ ન કરવી. કરવા જેવું તો આ જ છે. અરે! ૮૪ લાખ યોનિના ભવાબ્ધિમાં ક્યાંય પત્તો નહિ ખાય. એ દુઃખથી છૂટવાનો આ જ માર્ગ છે, આ જ કરવા જેવું છે. અરે! આ ભવ હાલ્યો જાય છે! આ અમૂલ્ય વખત એમ ને એમ વેડફાઈ જાય છે. ભાઈ! આયુષ્ય પૂરું થતાં શું થશે? –માટે કરી લેવા જેવું છે, તે આજે જ કરી લે.

જેણે અતીન્દ્રિય આનંદના નાથને પકડયો છે તે જ તેનો પરિગ્રહ છે, તેને અન્ય પરિગ્રહથી શું? તેને પકડવાથી મને શું લાભ? એ તો નુકશાન કરનાર છે. શુભાશુભ વિકલ્પોથી ભેદાભેદના વિકલ્પોથી મારે શું કામ છે? એ વિકલ્પોથી તો મને નુકશાન છે. ભાઈ! તારું સ્વરૂપ જ પ્રભુ સ્વરૂપ છે, વીતરાગ સ્વરૂપ જ તારું સ્વરૂપ છે, નહીં તો એ સ્વરૂપ પ્રગટશે ક્યાંથી? બહારથી આવશે? તું પોતે વીતરાગ સ્વરૂપ જ છો તેથી તેમાંથી વીતરાગપણું પ્રગટે છે.

શુભાશુભના વિકલ્પોથી, રાગાદિના ભાવથી કે દ્રવ્યોના ભેદરૂપ વિચારથી તને શું લાભ છે? એવા વિકલ્પનું સાવધાનીપૂર્વક પ્રતિપાલન એટલે કે આચરણ ને સ્મરણ તેનાથી તને કઈ કાર્યસિદ્ધિ થાય છે? કોઈ કાર્યસિદ્ધિ થતી નથી. એક બાજુ ભગવાન આત્માનો અનુભવ છે ને બીજી બાજુ ભેદ–વિકલ્પો આદિ છે પણ તારે એ બીજી બાજુનું શું કામ છે? અભેદ ચૈતન્યસ્વભાવનો અનુભવ થયો તેને દયાદાન આદિ વિકલ્પોથી શું સિદ્ધિ છે? અરે! દ્રવ્ય–ગુણ–પર્યાયના ભેદવિકલ્પોથી શું પ્રયોજન છે? તેના તરફનું સાવધાનપણું છોડ!

આનંદનો સાગર ભગવાન આત્મા છે, તેને સ્પર્શ્યો નથી, અનુભવ્યો નથી ને આ રાગના કાર્ય મેં કર્યાં–પણ ભાઈ! આંખ મીંચાઈ જશે ને આત્માને તો અનંતકાળ રહેવું છે તો તે ક્યાં રહેશે?–રાગમાં રહીશ એટલે કે સંસારમાં રહીશ. જો રાગની એકતા તોડીને સ્વરૂપનો અનુભવ કરીશ તો અનંતકાળ ક્યાં રહીશ?–કે અનંતકાળ આત્માના અનુભવમાં રહીશ એટલે કે મોક્ષમાં રહીશ.

શુદ્ધ જ્ઞાનસ્વરૂપનો અનુભવ એટલે કે રાગથી ભિન્ન પડીને અતીન્દ્રિય આનંદના નાથનો અનુભવ એ અનુભવ ચિંતામણિરત્ન છે. દિવ્યગુણોના ભંડાર પ્રભુનો અનુભવ, તેના તરફની સન્મુખતાનો અનુભવ એવી જે પર્યાય તે ચિંતામણિરત્ન છે. આ રીતે કાર્યસિદ્ધિ છે તે નકકી જાણવી; બીજી કોઈ રીતે કાર્યસિદ્ધિ થશે એ વાત છોડી દે.

[ અનુસંધાન જુઓ ૧૧ મા પાના પર ]

# ભાઈ ! તારા ચૈતન્યસ્વભાવની ચમત્કારીક જાદુગરી એકવાર સ્વના લક્ષે સંભાળ ! તારા મિથ્યાત્વના ભૂક્કા ઊડી જાય એવી આ ચૈતન્યચમત્કારની વાત છે

## પૂજ્ય ગુરુદેવશ્રીના અત્યંત ઉલ્લાસભર્યા હૃદયોદ્ગાર

[ તા. ૧૪–૧૨–૭૭, રાત્રિચર્ચામાંથી ]

નારકીને એટલું દુઃખ છે કે તેના એક સમયના દુઃખને કરોડો જીભથી કરોડો વર્ષ સુધી કહે તોપણ કહી શકાય નહિ. તેમ જીવના એક એક ગુણને એક એક મીનીટે કે એકએક સમયે કહે તોપણ ત્રણ કાળમાં પૂરેપૂરા કહી શકાય નહિ એટલા અનંત અનંત ગુણો જીવમાં છે, કેમ કે ત્રણ કાળના સમય કરતાં આકાશના પ્રદેશો અનંતા છે અને તેના કરતાં પણ અનંતા જીવમાં ગુણો છે. અહાહા ! આવો જીવનો ચમત્કારી સ્વભાવ છે. ત્રણ કાળમાં પણ કહી શકાય નહિ એટલો અનંતા ગુણોને ધરનાર દ્રવ્યની પ્રતીતિ એક સમયની પર્યાય ઠરે છે, એ પર્યાયની તાકાત કેટલી ? એ એક સમયના અવિભાગ પ્રતિચ્છેદ કેટલા ? અહાહા ! વસ્તુનો સ્વભાવ કેવો છે ! અહાહા ! એ અનંત ગુણમય દ્રવ્યની શ્રદ્ધા એક સમયની પર્યાય કરે છે. એક સમયની પર્યાય અનંતા ગુણની પર્યાય વેદનમાં આવી જાય છે. અહાહા ! આવી વાત સર્વજ્ઞ સિવાય બીજે ક્યાંય હોઈ શકે નહિ.

વસ્તુ અનંત સ્વભાવવાળું એક તત્ત્વ છે. પરમાણુ કહેતાં નાનું લાગે પણ એ અનંત સ્વભાવવાળું તત્ત્વ છે, એ જડ હોવા છતાં અનંતી શક્તિવાળું ચમત્કારી તત્ત્વ છે.

ચૈતન્ય ચમત્કારી તત્ત્વનું સામર્થ કેટલું ! -એમ અંદરમાં દેખે - પ્રતીત કરે તો ધર્મનો મહેલ થવાનો પાયો ઊભો થાય, વિકલ્પ તૂટયા વિના આવી વસ્તુ અંદરમાં બેસે નહિ. વસ્તુ છે તે સીમા રહિત છે, અમર્યાદિત વસ્તુ છે, અક્ષય ને અમેય વસ્તુ છે. એ વસ્તુને શ્રદ્ધામાં લેનારી પર્યાય પણ કદી નાશ ન થાય એવી અક્ષય ને અમેય છે. ભલે અચારિત્રના પરિણામ હોય તોપણ એની શ્રદ્ધા પર્યાયની-જ્ઞાનપર્યાયની એટલી તાકાત છે કે રાગ એમાં નથી, પરદ્રવ્ય એમાં નથી, -એમ જાણી લ્યે છે.

વસ્તુ જ આવા ચમત્કારી સ્વભાવવાળી છે. આકાશનું ક્ષેત્ર અનંત અનંત કે જેનો અંત નથી–એ શું બતાવે છે? પર્યાયની આદિ નથી કે અંત નથી એ શું બતાવે છે? કેવળજ્ઞાનની પર્યાય એક સમયમાં લોકાલોકને જાણી લ્યે છે. અરે! અનંત લોકાલોક હોય તોપણ તેને જાણવાની સામર્થવાળી એ પર્યાય છે એ શું બતાવે છે? –કે વસ્તુ ચમત્કારી સ્વભાવવાળી છે.

વસ્તુ જ એવી ચમત્કારી જાદુગરી છે કે તેના ગુણોમાંથી દરેક સમયે પર્યાય પ્રગટયાં જ કરે છતાં પણ તે ગુણમાં ઘટ–વધ ન થાય, એવા ને એવા કાયમ રહે, એ વસ્તુનો ચમત્કાર છે. વિકારી પર્યાય દ્રવ્યમાં સમાય છતાં દ્રવ્યમાં વિકારરૂપ ન રહે એ વસ્તુનો ચમત્કાર છે. એક સૂક્ષ્મ પરમાણુ છતાં તેના અનંતા ગુણોની એક સમયમાં અનંત પર્યાય! એ કેટલી અનંત? –કે ત્રણકાળનાં સમય કરતા અનંતગુણી.

આકાશના એક પ્રદેશે અનંત નિગોદના જીવના પ્રદેશ આવે (આખો જીવ ન આવે), અનંત પરમાણુના પ્રદેશ આવે, છતાં એક–બીજાને અડે નહીં કે ભળી ન જાય એ વસ્તુનો ચમત્કારી સ્વભાવ છે. ત્રણ લોકમાં રહેલા અનંત પરમાણુ જો સૂક્ષ્મરૂપ ધારે તો આકાશના એક પ્રદેશમાં રહી શકે અને તે બધા અનંત પરમાણુ જો સ્થૂળરૂપ ધારે તો ત્રણલોકમાં પણ સમાઈ શકે નહીં. એક પરમાણુ તીવ્રગતિથી ગમન કરે તો એક સમયે ૧૪ રાજુ એટલે કે સાતમી નરકથી સિદ્ધલોક સુધી ગમન કરી શકે ને મંદગતિથી ગમન કરે તો એક સમયમાં આકાશના એક પ્રદેશથી બીજા પ્રદેશ સુધી ગમન કરે–આવા ચમત્કારી સ્વભાવવાળા દ્રવ્યો છે.

છએ દ્રવ્યો ચમત્કારીક સ્વભાવવાળા છે. અનંત પ્રદેશી એક આકાશમાં જેટલા અનંતા ગુણો છે તેટલા જ અનંત ગુણો એક પ્રદેશી સૂક્ષ્મ પરમાણુમાં ને કાળાણુમાં છે, એ પદાર્થના પોતાના સ્વભાવની ચમત્કારીકતા છે પણ એના ચમત્કારની એને ખબર નથી. એ બધાના ચમત્કારી સ્વભાવને જાણનાર જીવ છે, એ જાણનાર જીવસ્વભાવના ચમત્કારનું શું કહેવું? વસ્તુ–દ્રવ્ય અક્ષય અમેય છે, એને જાણનાર શ્રદ્ધા–જ્ઞાનની પર્યાય પણ અક્ષય અમેય છે. અહાહા! શું એની ગંભીરતા! એની ઊંડપનું શું કહેવું?

અરે! આવા ચમત્કારી સ્વભાવની વાત સ્વના લક્ષે સાંભળે તો મિથ્યાત્વના ભૂક્કા ઊડી જાય એવી આ વાત છે.

# સમયસારના અભ્યાસનું ફળ: પરમાનંદરૂપે પરિણમી જવું

**આહાહા! આ છેલ્લી ગાથામાં તો સારમાં સાર ભરી દીધો છે. ભાઈ! તારું સ્વરૂપ તો સમસ્ત પદાર્થોને પ્રકાશનારું છે પણ અનંતા પરપદાર્થને કરનારો, રાખનારો કે છોડનારો તું નથી પોતે પોતાને ને સમસ્ત પરપદાર્થને જાણનારો એવો વિશ્વસમય હોવાથી તેને પ્રતિપાદન કરનાર આ શાસ્ત્ર શબ્દબ્રહ્મ સમાન છે. એવા આ શાસ્ત્રને સ્વહિતના લક્ષે જાણીને, અર્થભૂત એવા ચૈતન્યસ્વરૂપ આત્માનો નિર્ણય કરીને જે પરમબ્રહ્મ ભગવાનમાં સર્વ ઉદ્યમથી સુસ્થિત થશે તે અનાકુળલક્ષણ એવા ઉત્તમમાં ઉત્તમ પરમાનંદરૂપે સ્વયં પરિણમી જશે.**

[ શ્રી સમયસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી ]

ગ્રંથાધિરાજ શ્રી સમયસાર શાસ્ત્રને પૂર્ણ કરતાં ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવ આ શાસ્ત્રનો મહિમા તથા તેના અભ્યાસનું ફળ બતાવતાં કહે છે કે:–

**આ સમયપ્રાભૃત પઠન કરીને, અર્થ તત્ત્વથી જાણીને,**
**ઠરશે અરથમાં આત્મા જે, સૌખ્ય ઉત્તમ તે થશે. ૪૧૫**

જે લાયક જીવ હશે તે–જે ભવ્ય જીવ હશે તે આ સમયસારને જાણીને વસ્તુને તથા તેના ભાવને એટલે કે અર્થ અને તત્ત્વ દ્વારા ભગવાનને જાણીને, ગુણ–ગુણીના ભેદને છોડીને વસ્તુમાં ઠરશે તે ઉત્તમ સુખસ્વરૂપ થશે; પામશે એમ નહીં પણ તેની દશા આનંદમય થશે, અતીન્દ્રિય આનંદરૂપ પરિણમી જશે. દ્રવ્યના સ્વભાવમાં આનંદ છે તેથી ત્યાં દશા વાળીને–લક્ષ કરીને ઠરીશ તો આનંદરૂપ થઈ જઈશ.

અનાદિ કાળથી તું તારી દુઃખની દશામાં રમી રહ્યો છે. આ આત્મા છે તેની વર્તમાન દશામાં ભલે વિકાર હો, જેમ લીંડીપીપર રંગે કાળી ને કદે નાની હોવા છતાં સ્વભાવે પૂર્ણ તીખી ને પૂર્ણ લીલી છે, તેમ શરીર પ્રમાણે કદ ને પર્યાયમાં મલિનતા હોવા છતાં સ્વભાવે પરિપૂર્ણ છે, ભગવાન છે. પ્રભુ! તારામાં પરમાત્મશક્તિ પૂરી પડી છે, અંદર અતિન્દ્રિય આનંદનો ડુંગરો પડયો છે. પોતે સમયસારભૂત ભગવાન પરમાત્મા છે. અનંતજ્ઞાન અનંત–આનંદ સ્વરૂપ પૂર્ણ પરમાત્મા છે.

આ આત્મા કેવો છે? –કે પરમાત્મસ્વરૂપ ભગવાન છે કે સમસ્ત જગતનો–સ્વ ને પરનો પ્રકાશક છે, જાણનારો છે, જાણવાનો પૂંજ છે. વસ્તુ એવી ચીજ જ છે કે જે ત્રણકાળ ત્રણલોક, અનંત આત્મા ને અનંત પરમાણુઓ, અનંત સિદ્ધો ને અનંત નિગોદના જીવને જાણનારો છે, પ્રકાશક છે. અંદરમાં જે રાગ આવે છે–થાય છે તેનો પ્રકાશક છે. સમસ્ત વિશ્વનો પ્રકાશક છે. તેથી આત્મા વિશ્વસમય છે. બધા પદાર્થને–વિશ્વને પ્રકાશનારો વિશ્વસમય ભગવાન આત્મા છે.

અનંત પદાર્થ અનંતપણે રહ્યા છે, તેનો પ્રકાશક આત્મા છે પણ તેનો કરનારો આત્મા નથી. વિશ્વ એટલે અનંત પદાર્થ; અનંત પદાર્થ અનંતપણે ક્યારે કહેવાય? –કે પોતે પોતાના આધારે–પોતાના દ્રવ્ય–ગુણ–પર્યાયના આધારે રહ્યાં હોય ત્યારે અનંત અનંતપણે રહ્યા કહેવાય, તેને જાણનારો પ્રકાશક ભગવાન આત્મા હોવાથી તે વિશ્વસમય છે.

આ ગાથા ઊંચી છે, સાર છે. દ્રવ્ય–ગુણ–પર્યાયનો સ્વપર પ્રકાશક સ્વભાવ છે. ભગવાન આત્મા સ્વ ને પરનો, સમસ્ત પદાર્થોનો પ્રકાશક છે. અનંત–અનંત પદાર્થ છે તેમાં કોઈ ચીજ મારી નથી, હું તો સમસ્ત પદાર્થોનો પ્રકાશક છું. રાગ છે ને? –એ છે તેની પર્યાયમાં પણ તે આત્મતત્ત્વ નથી તેથી રાગથી ભિન્ન પરિપૂર્ણ ભગવાન છે.

ભગવાન આત્મા વિશ્વસમય છે, જગતના બધા પદાર્થોને જાણવાના સ્વભાવવાળો હોવાથી વિશ્વસમય છે, જગતની આંખ છે. આવો વિશ્વનો પ્રકાશક ભગવાન આત્મા છે અને આ શાસ્ત્ર તેનું પ્રકાશક હોવાથી શબ્દો પોતે શબ્દબ્રહ્મ છે. વિશ્વસમયને કહેનાર હોવાથી શબ્દ પોતે શબ્દબ્રહ્મ છે. આત્મબ્રહ્મ એવા વિશ્વસમયને કહેનારા શબ્દો હોવાથી તે શબ્દબ્રહ્મછે. શાસ્ત્ર પોતે શબ્દબહ્મ છે.

ભગવાન વિશ્વપ્રકાશક હોવાથી વિશ્વસમય છે અને શબ્દ તેનું પ્રતિપાદન કરતાં હોવાથી શબ્દો પોતે જ શબ્દબ્રહ્મ છે, શબ્દ સ્વયં શબ્દબ્રહ્મ છે. ભગવાનની વાણી છે તે શબ્દબ્રહ્મ છે અને તેમાંથી આવેલું–બનેલું આ શાસ્ત્ર શબ્દબ્રહ્મ સમાન છે. આ શાસ્ત્ર સ્વયં પોતે પોતાથી શબ્દબ્રહ્મ છે. આત્માને કહે છે માટે શબ્દબ્રહ્મ છે એમ નહીં પણ પોતે જ પોતાથી સ્વયં શબ્દબ્રહ્મ છે.

સર્વજ્ઞ સ્વભાવી ભગવાન વિશ્વજ્ઞાયક હોવાથી તેને કહેનારા શબ્દો શબ્દબ્રહ્મ સમાન છે. મૂળ શબ્દબ્રહ્મ ભગવાનની વાણી છે તેથી આ શબ્દો શબ્દબ્રહ્મ સમાન છે. વિશ્વને જાણનાર ભગવાન વિશ્વસમય ને તેનું પ્રતિપાદન કરનાર આ શબ્દ હોવાથી શાસ્ત્ર શબ્દબ્રહ્મ સમાન છે. ભગવાનની વાણી શબ્દબ્રહ્મ છે અને આ શબ્દ તેનો અંશ હોવાથી શબ્દબ્રહ્મ સમાન છે.

એવા એટલે કે શબ્દબ્રહ્મ સમાન શાસ્ત્રને જાણીને, આવા શાસ્ત્રને જે આત્મા ખરેખર જાણીને, ખરેખર એટલે કે બીજાને સમજાવવા કે મને આવડશે તો હું બીજાને કહી શકીશ અને તો હું બહારમાં આવીશ માટે જાણે તેમ નહીં પણ પોતાના હિતને માટે ખરેખર જાણીને, આ આત્મા ચૈતન્યપ્રકાશમય છે એવો નિર્ણય કરે તો શાસ્ત્ર ભણ્યો કહેવાય.

આત્મા કેવો છે?–કે પરમાર્થભૂત, ચૈતન્યપ્રકાશરૂપ આત્મા છે, તેનો નિશ્ચય કરવો. આ તો જેને ભવનો ભય લાગતો હોય, ભવથી ભાગવું હોય તેની આ વાત છે. એક કૂતરી પોતાના જ ગલુડિયાને પોતે જ ખાઈ ગઈ!–અરે ભાઈ! એવા ભવો આ જીવે અનંતવાર કર્યાં છે, એ ભવનું કારણ મિથ્યાત્વ છે, એ ભવનો જેને ભય લાગ્યો હોય તેને માટે અહીં વાત ચાલે છે. ભગવાનનો માર્ગ અનેક રીતે એકને –ચૈતન્યચમત્કારને પ્રકાશનારો છે, ભવનો અભાવ લાવનારો છે.

અરેરે! આખો દિવસ સ્ત્રી–પુત્ર–પૈસા–આદિમાં પાપ આડે પુણ્ય કરવા પણ નવરો ન થાય તેની તો શું વાત! અહીં તો કહે છે કે આ શાસ્ત્ર વાંચીને, જાણીને ચૈતન્ય પ્રકાશરૂપ આત્માને જાણવો. અરે! રખડતો મુસાફર અહીં (આ ભવમાં) આવી ચડયો છે, ધર્મશાળામાં રાત રોકાવા આવી ચડયો છે, આ શરીરમા જેટલી મુદ્દત છે એટલો કાળ રહીને બીજે શરીરે જતો રહેશે. અહીં કહે છે કે ભાઈ! તારામાં શરીર પણ નથી ને રાગ પણ નથી એવા ચૈતન્યસ્વરૂપ આત્માને દ્રવ્ય–ગુણના સ્વરૂપ વડે જાણવો.

સ્વ–પરને જાણવાવાળું જ આત્મતત્ત્વ છે, પરને મારાં માનવા એવો જ મિથ્યાત્વભાવ તે સ્વભાવમાં નથી પણ પર્યાયમાં એ ભાવ નવો ઊભો કર્યો છે. શાસ્ત્રને ખરેખર જાણીને આત્મદ્રવ્યને ને તેના ગુણ–પર્યાયને જાણવા, ત્રિકાળી ભાવ અને વર્તમાન ભાવને અર્થથી ને તત્ત્વથી જાણવા. જાણવું એ પર્યાય છે ને જેને જાણવા છે એ દ્રવ્ય–ગુણ છે, તેથી દ્રવ્ય–ગુણ–પર્યાયને જાણીને તેમાં તે અર્થભૂત આત્મવસ્તુ છે તેમાં ઠરવું.

આ શાસ્ત્ર જાણીને, પરમાર્થભૂત આત્માના દ્રવ્ય–ગુણ–પર્યાયને જાણીને જે અર્થભૂત ભગવાન એક પૂરણવિજ્ઞાનઘન પરમબ્રહ્મ છે તેમાં ઠરવું. ગુણ–ગુણીના ભેદમાં નહીં પણ દ્રવ્યમાં ઠરવું. જાણવા દ્રવ્ય–ગુણ–પર્યાય ત્રણેને, પણ દ્રષ્ટિ ક્યાં મૂકવી? –કે અર્થભૂત ભગવાન એક પૂરણવિજ્ઞાનઘન પરમબ્રહ્મ છે ત્યાં દ્રષ્ટિ મૂકવી.

આ દ્રવ્ય ને આ ભવ એવા જે ભેદ તેમાં નહીં પણ એક સ્વરૂપ પૂર્ણવિજ્ઞાનઘન આત્મા તેમાં દ્રષ્ટિ કરવી. અરેરે! એક સારી ભાવતી ચીજ ખાવા મળે ત્યાં તો હરખાઈ જાય! પણ એ તો રાગ છે, આસ્રવ તત્ત્વ છે, એ તારી ચીજ નથી. તેનાથી ભિન્ન જે એક પરમબ્રહ્મ છે તેમાં સર્વ પુરુષાર્થથી ઠરવું.

આવો જે પરમબ્રહ્મ ભગવાન છે તેમાં સર્વ પુરુષાર્થથી વળ, તેને જાણ. તારા વીર્યની ગતિ જે પરમાં રોકાઈ ગઈ છે એ વીર્યને સર્વ ઉદ્યમથી અંદરમાં વાળ. જે કોઈ પરમબ્રહ્મમાં સર્વ પુરુષાર્થથી સુસ્થિત થશે એમ કહ્યું છે પણ કર્મ માર્ગ આપે તો પુરુષાર્થ થાય તેમ કહ્યું નથી.

શાસ્ત્રથી અર્થ ને તત્ત્વથી જાણીને અર્થભૂત પરમબ્રહ્મમાં સર્વ પુરુષાર્થથી સ્થિત થવું, જે પુરુષાર્થ દયા–દાન–કામ–ક્રોધમાં ચાલ્યો જાય છે ને નપુંસકતા છે પણ જે આત્મા બળ વડે, સર્વ ઉદ્યમ વડે, સર્વ પુરુષાર્થથી પરમબ્રહ્મમાં સુસ્થિત થશે તે આત્મા પરમાનંદ રૂપે પર્યાયમાં થઈ જશે.

શબ્દબ્રહ્મ સમાન આ શાસ્ત્રથી કહેવાયેલા પરમબ્રહ્મ ભગવાનમાં સર્વ ઉદ્યમથી સુસ્થિત થયો તે 'પરમાનંદ' શબ્દથી વાચ્ય જે પરમાનંદ છે તે–રૂપે પર્યાયમાં પરિણમી જશે. ઉત્તમ દ્રવ્યસ્વભાવમાં જે સુસ્થિત થશે તે ઉત્તમમાં ઉત્તમ અનાકુળ લક્ષણવાળા સુખ સ્વરૂપે પોતે થઈ જશે. સંસારભાવે જે પરિણમ્યો હતો તે છૂટી જઈને પરમાનંદરૂપે પરિણમી જશે.

અમરેલીનિવાસી વેદાન્તના અભ્યાસી એક જૈનેતર ભાઈએ લખેલા પોતાના

**'બહેનશ્રીનાં વચનામૃત' વિષે**

## હૃદયોદ્‌ગાર

'બહેનશ્રીનાં વચનામૃત' મારા મિત્ર શ્રી બાપુભાઈ પાસેથી વાંચવા મળેલ. શરૂથી અંત સુધી પ્રેમપૂર્વક વાંચ્યું. ભૂખ્યા માણસને જેમ ભોજનથી તૃપ્તિ, પુષ્ટિ અને ભૂખનિવારણ એકસાથે અનુભવમાં આવે છે, તેમ આત્મજ્ઞાનના જિજ્ઞાસુને આ પુસ્તકનું વાંચન આત્મજ્ઞાન, સ્વરૂપભક્તિ અને પૌદ્‌ગાલિક પદાર્થ પ્રત્યે પૂર્ણ વૈરાગ્યનું ફળ આપનારું વાંચન છે. ભાષા સાદી, સરળ અને સચોટ ઘરગથ્થુ હોઈ આત્મજ્ઞાનની અજ્ઞાત વ્યક્તિને પણ તુરત સમજવામાં આવે એવું છે. લખનાર લેખકે પોતાની શુદ્ધ અનુભૂતિને જ ભાષાનો સાકાર દેહ આપ્યો છે, પૌદ્‌ગલિક પદાર્થોના મોહથી આકર્ષાઈને મનુષ્ય–આત્મા પોતાના સાચા આત્મસ્વરૂપને ભૂલી ગયેલ છે અને વિપરીત ભાવનાઓના વિકલ્પો સેવી અશાન્તિ અને સતત મૂંઝવણ અનુભવી રહેલ છે. તેવા આત્માઓને આ પવિત્ર ગ્રંથનું વાંચન, જે સીધું અનુભૂતિના પ્રદેશમાંથી ઊતરી આવેલ છે તે, સાચી શાંતિ, સાચી સમજણ અને સાચા સુખ –પ્રકાશનો અનુભવ કરી આપનારું છે, એવો મારો નમ્ર અભિપ્રાય છે.

# જ્ઞા..ન......ગો..ષ્ઠી

## ( પૂજ્ય ગુરુદેવશ્રીની રાત્રિચર્ચા તથા સહજ ઉદ્‌ગારો )

*

* જેમ સિંહ એક ત્રાડ નાખે ત્યાં બકરાંના ટોળાં ભાગી જાય તેમ ભગવાન પૂર્ણાનંદનો નાથ જ્યાં અંદરથી જાગીને ગર્જના કરે ત્યાં વિકલ્પરૂપ બકરાંના ટોળા ભાગે ને અંતર્મુહૂર્તમાં કેવળજ્ઞાન પ્રગટ થાય એવો તું મહાન છો.

* આહાહા! આઠ આઠ વર્ષના રાજકુમારોને વૈરાગ્ય થઈ જતાં, સ્વરૂપની ઉગ્ર સાધના કરવા વનમાં જવા માતાની પાસે રજા માગે છે કે હે માતા! આ દુઃખમય સંસારથી હવે અમે છૂટવા માગીએ છીએ, અમને આ રાજપાટના ભોગમાં ક્યાંય ચેન પડતું નથી માટે સ્વરૂપની સાધના કરવા વનમાં જવાની–દીક્ષા લેવાની રજા આપ! હવે ફરી સંસારમાં અમારે આવવું નથી ને બીજી માતાને રોવડાવવી નથી, માટે હે માતા! રજા આપ! અહાહા! એ રાજકુમારો હીરાના પલંગે ને રેશમના ગાદલે સૂનારા મણિરત્નની પુતળી જેવા જેના શરીર છે, જેણે કદી ટાઢ–તડકો કે કાંટા–કાંકરા જોયા નથી, એવા બાળકો અંદરની સાધના સાધવા ઉગ્ર પુરુષાર્થથી વનમાં ચાલી નીકળે છે, ધન્ય એ દશા! ધન્ય એ અવતાર!

* ભગવાન આત્મા છે તે આ જગતમાં સર્વોત્કૃષ્ટ વસ્તુ છે. અનંતી ઋદ્ધિનો ધણી છે. એના જેવી જગતમાં બીજી કોઈ ઉત્કૃષ્ટ ચીજ નથી. અતીન્દ્રિય આનંદ આદિ ગુણથી ભરેલી કસવાળી વસ્તુ છે. તેના શ્રદ્ધા–જ્ઞાન ને રમણતા કર તો અતીન્દ્રિય આનંદની નદીઓ વહેશે, અતીન્દ્રિય આનંદના પૂરના લોઢ ઉછળશે ને અલ્પકાળમાં મોક્ષ પ્રાપ્ત થશે.

* અરે ભાઈ! તારામાં કઈ ઋદ્ધિની ખામી છે કે પર સામે ઝાંવા નાખે છો? તારી સામે અનંતી ઋદ્ધિવાળો પ્રભુ બિરાજે છે તેની સામે નજર નાખતો નથી ને પર સામે નજર નાંખીને પુણ્ય–પાપના દુઃખને અનુભવે છે! દયા–દાન–ભક્તિ આદિના શુભ વ્યવહારમાં વિસ્મયતા કરે છો એ વિસ્મયતા છોડીને તારી સામે વિસ્મયકારી ચૈતન્ય પ્રભુ બિરાજે છે તેની સામુ જો. તારી પ્રભુતાની વિસ્મયતા કરીને એમાં ઠર. તારા એ આનંદના બાગમાં વિહાર કર, અન્ય દ્રવ્યમાં વિહાર ન કર!

પ્રશ્નઃ– પોતે જ ભગવાન હોવા છતાં હાથમાં કેમ આવતો નથી?

ઉત્તરઃ– પોતે ભગવાન સ્વરૂપે છે તેનો મહિમા આવવો જોઈએ તે આવતો નથી. બહારની મહિમામાં રોકાઈ જાય છે, શરીર–સ્ત્રી–પુત્ર–ધનાદિ અનુકુળ સામગ્રી મળી હોય તેના મહિમામાં રોકાઈ જાય છે, તેથી જરા આગળ જાય તો શુભ વ્યવહારના અનેક પ્રકારમાં મહિમા કરી રોકાઈ જાય છે, થોડો ઉઘાડ થઈ જાય ને બોલતાં આવડતું હોય તો એના મહિમામાં રોકાઈ જાય ને પોતાના ભગવાનનો મહિમા કરવો ભૂલી જાય છે તેથી ભગવાન હાથ આવતો નથી.

* ધર્મી જીવ કર્મજનિત સામગ્રીથી અતિ વિરકતપણે પરિણમે છે. શુભ રાગ હો કે અશુભ રાગ હો તે બધી કર્મ જનિત સામગ્રી છે, તેનાથી અતિ વિરકત પણે ધર્મી પરિણમે છે. ભલે કદાચિત્ ચક્રવર્તિના રાજપાટ ને ભોગ સામગ્રી હો પણ અંદરમાં તેની રુચિ જામતી નથી, તેનાથી અતિ વિરક્તિ છે. વાણીયાને નફો થાય તેવો માલ લ્યે, નુકશાની જાય તેવો માલ ન લ્યે, તેમ સમ્યગ્દ્રષ્ટિ અંદરમાં નફો થાય–અતીન્દ્રિય આનંદ મળે તે માલ લ્યે છે, નુકશાન થાય–દુઃખ થાય તેવો માલ લેતા નથી. તેથી સમ્યગ્દ્રષ્ટિને બાહ્ય સામગ્રીમાં રુચિ થતી નથી, વિરક્તિ રહે છે.

* શરીરના એક એક તસુમાં ૯૬–૯૬ રોગ છે, એ શરીર ક્ષણમાં દગો દેશે, ક્ષણમાં છુટી જશે. કાંઈક સગવડતા હોય ત્યાં ઘુસી જાય છે, પણ ભાઈ ! તારે ક્યાંય જવું છે ત્યાં કોનો મહેમાન થઈશ ? કોણ તારું ઓળખીતું હશે ! એનો વિચાર કરીને તારું તો કાંઈક કરી લે ! શરીર સારું હોય ત્યાં સુધી આંખ ઉઘડે નહિ ને ક્ષણમાં દેહ છુટતાં અજાણ્યા સ્થાને હાલ્યો જઈશ ! નાની ઉમરના પણ ચાલ્યા જાય છે માટે તારું કાંઈક કરી લે ! શાસ્ત્રમાં કહ્યું છે કે વૃદ્ધાવસ્થા જ્યાં સુધી ન આવે, શરીરમાં વ્યાધિ જ્યાં સુધી ન આવે અને ઇન્દ્રિયો જ્યાં સુધી ઢીલી ન પડે ત્યાં સુધીમાં આત્મહિત કરી લેજે.

* સમ્યગ્દ્રષ્ટિએ સ્વભાવનો આશ્રય લીધો છે, આનંદની અનુભૂતિ વર્તે છે તેથી તે આલોક પરલોક આદિ સાત ભયથી રહિત નિર્ભય હોય છે. જેના ભયથી જગત ચલાયમાન થઈ જાય એવો મહાન વજ્રપાત થવા છતાં સમ્યગ્દ્રષ્ટિ સ્વરૂપથી ચલાયમાન થતાં જ નથી. તેથી તેઓ નિર્ભય હોય છે.

પ્રશ્નઃ– મુનિ તો કહે છે કે અમે ભવના ભયથી ડરીએ છીએ ?

ઉત્તરઃ– એ તો ચાર ગતિના ભવનો ભય લાગ્યો છે એટલે એ ભવના કારણરૂપ ભાવથી ડરીને ભવ રહિત ભગવાનની અંતર્મુખ જઈએ છીએ તેમ કહે છે. તેમને આલોક આદિ બાહ્ય સામગ્રીનો ભય હોતો નથી.

પ્રશ્નઃ– ચોથા ગુણસ્થાવાળા સમ્યગ્દ્રષ્ટિને તો ભય થતો દેખાય છે ને તેનો ઉપાય પણ કરે છે ને?

ઉત્તરઃ– સમ્યગ્દ્રષ્ટિ અંતરમાં તો નિર્ભય જ છે, બાહ્યમાં ભયપ્રકૃતિમાં જોડવાથી અસ્થિરતાનો જરી દેખાય છે તોપણ અંદર સ્વરૂપમાં તો નિર્ભય જ છે, તેથી તે આલોક પરલોક આદિ સાતે પ્રકારના ભયથી રહિત નિર્ભય છે.

પ્રશ્નઃ– તો સમ્યગ્દ્રષ્ટિ લડવા શું કામ જાય છે?

ઉત્તરઃ– સમ્યગ્દ્રષ્ટિ લડાઈના પ્રસંગને અને તે સંબંધીના દ્વેષના અંશને પરજ્ઞેય તરીકે જાણે છે પણ તેના કર્તા નથી તેથી તેઓ નિર્ભય છે.

પ્રશ્નઃ– સીતાજી તથા અંજનાજીને જંગલમાં છોડતા ભયથી રડતાં હતા ને?

ઉત્તરઃ– એ તો પતિનો આધાર છુટતાં અસ્થિરતાથી જરી બાહ્યમાં રૂદન દેખાય છે છતાં અંદરમાં પોતાનો આધાર પોતાનો ચૈતન્યસ્વભાવ જ છે તેમ જાણી રૂદન આદિ ભયના ભાવના કર્તા ન હતા પણ નિર્ભય ને જ્ઞાતા જ હતા. પ્લેગ આદિ કોઈ આકરા રોગનો ગામમાં પ્રસંગ હોય તો જરી અસ્થિરતાનો ભય થતાં સમ્યગ્દ્રષ્ટિ ગામ છોડી બીજે ચાલ્યા જવા આદિનો ઉપાય કરતા દેખાય છે. પરંતુ તે અંદરમાં સ્વભાવ દ્રષ્ટિના જોરથી મુખ્યતાથી નિર્ભય છે ને સાથે જ્ઞાન છે તે પર્યાયના રાગના કણ કણને જેમ છે તેમ જાણે છે તેને અનેકાન્તનું સાચું જ્ઞાન કહે છે.

પ્રશ્નઃ– વાંચન–શ્રવણ–મનન કરવા છતાં આત્માનો અનુભવ કેમ થતો નથી?

ઉત્તરઃ– વાંચન આદિ તો બધુ બહિર્મુખ છે ને આત્મવસ્તુ આખી અંતર્મુખ છે. એથી એને અંતર્મુખ થવું જોઈએ. પરને જાણવાનો ઉપયોગ સ્થૂલ છે તેને સૂક્ષ્મ કરી અંતર્મુખ કરવાનો છે. અંતરમાં ઊંડાણમાં જાય તો અનુભવ થાય. જ્ઞાયક....... જ્ઞાયક..... જ્ઞાયક છું, ધ્રુવ છું એવા અંતરમાં સંસ્કાર નાખે તો આત્માનું લક્ષ થઈને અનુભવ થાય જ.

* એક ઊંટને જેલમાં નાખ્યો અને એક આદમીને જેલમાં નાખ્યો, ત્યાં તે આદમી ઊંટ ઉપર બેસીને પોતાને માનવા લાગ્યો કે હું ઊંચો–મોટો છું, પણ છે તો જેલમાં જ ને! પણ એ ભૂલી ગયો. તેમ અહીં બાયડી–છોકરા–પૈસા–મકાન આદિ થઈ જતાં પોતાને ઊંચો માનવા લાગ્યો! પણ છો તો સંસારની જેલમાં જ ને? પણ પરથી પોતાની મોટાઈ માનવાના ભ્રમથી પોતાના ભગવાન આત્માને જ ભૂલી ગયો. એ ભ્રમ ભાંગે તો પોતે ભગવાન થાય.

* ભગવાન આનંદનો નાથ ચૈતન્ય ચક્રવર્તિ છે પણ પોતાને ભૂલી ગયો છે ને ભીખારી થઈને પર પાસે ભીખ માગે છે. પૈસા લાવ! બાયડી લાવ! આબરુ

લાવ! નિરોગતા લાવ! એમ માંગણ થઈને માંગ્યા કરે છે, પણ પોતાની જ અંદર આનંદ ભર્યો છે એની સામું નજર રાખતો નથી, તેથી ચાર ગતિના દુઃખોને ભોગવે છે. શુભરાગ ને અશુભરાગની વાસના તે ઝેર વાસના છે. જ્યાં આનંદનો નાથ છે ત્યાં નજર કરતો નથી ને જ્યાં નથી આનંદ ત્યાં વલખાં મારે છે.

પ્રશ્નઃ– શાસ્ત્ર દ્વારા મનથી આત્મા જાણ્યો હોય તેમાં આત્મા જણાયો છે કે નહિ?

ઉત્તરઃ– એ તો શબ્દજ્ઞાન થયું, આત્મા જણાયો નથી. આત્મા તો આત્માથી જણાય છે. શુદ્ધ ઉપાદાનથી થયેલાં જ્ઞાનમાં સાથે આનંદ આવે પણ અશુદ્ધ ઉપાદાનથી થયેલાં જ્ઞાનમાં સાથે આનંદ આવે નહિ અને આનંદ આવ્યા વિના આત્મા ખરેખર જાણવામાં આવતો નથી.

* શુદ્ધસ્વરૂપને અનુભવનાર જ્ઞાની અનેક પ્રકારની ભોગ સામગ્રીને ભોગવતો દેખાય છતાં તેનું સમ્યગ્જ્ઞાન અજ્ઞાનરૂપ થતું નથી, વિભાવરૂપ થતું નથી, અશુદ્ધ રાગાદિરૂપ થતું નથી, કેમ કે શુદ્ધ સ્વરૂપનો અનુભવ થયો છે તે માયાજાળરૂપ નથી. જેમ દેહ–મન–વાણી–વિષયો અને તે તરફના વિકલ્પો માયા જાળરૂપ છે, ક્ષણમાં સંધ્યાના રંગની જેમ નાશ પામી જાય છે, તેમ શુદ્ધ સ્વરૂપનો અનુભવ માયાજાળરૂપ નથી. વસ્તુ દ્રવ્ય પોતે જ શુદ્ધરૂપે પરિણમ્યું છે તેથી તેને જગતની સામગ્રી અજ્ઞાનરૂપ કરી શકતી નથી.

* સમ્યગ્દ્રષ્ટિને શાતા–અશાતારૂપ વિષય સામગ્રી છે તે બધી અનિષ્ટરૂપ લાગે છે. જેમ કોઈને અશુભકર્મના ઉદયે રોગશોક દરિદ્રતા આદિ હોય છે તેને છોડવાને ઘણું કરે છે તોપણ અશુભ કર્મના ઉદય રોગ–શોક–દરિદ્રતા આદિ હોય છે તેને છોડવાને ઘણું કરે છે તોપણ અશુભ કર્મના ઉદયથી છુટતાં નથી, ભોગવવા જ પડે છે.. તેમ સમ્યગ્દ્રષ્ટિએ પૂર્વે શાતા–અશાતારૂપ કર્મ બાંધ્યું છે તેના ઉદયે અનેક પ્રકારની વિષય સામગ્રી હોય છે તેને સમ્યગ્દ્રષ્ટિ દુઃખરૂપ અનુભવે છે, તેને છોડવાને ઘણું કરે છે તોપણ જ્યાં સુધી ક્ષપકશ્રેણી ચડે નહિ ત્યાં સુધી છુટવું અશક્ય હોવાથી પરવશ થઈને ભોગવે છે પણ અંદરમાં અત્યંત વિરક્તિ હોય છે, તેથી ભોગ સામગ્રી ભોગવવા છતાં તેને કર્મ બંધ થતો નથી.

પ્રશ્નઃ– શુભ–અશુભ ભાવનો વ્યવહારે ભેદ હોવા છતાં પરમાર્થે ભેદ માનનાર ઘોર સંસારમાં રખડશે તેમ શાસ્ત્રમાં કહ્યું છે, અને દેવ–ગુરુ–વાણી પુણ્ય વિના મળતા નથી તો આવતા ભવે તે મેળવવા માટે પુણ્યની તો અપેક્ષા રહે ને?

ઉત્તરઃ– પુણ્યથી દેવ–ગુરુ–વાણીનો યોગ મળે છે તે બરાબર છે પણ પુણ્યભાવ વર્તમાનમાં દુઃખરૂપ છે ને ભાવી દુઃખનું કારણ છે તેમ શાસ્ત્રમાં કહ્યું છે. કેમકે

પુણ્યથી જે સામગ્રી મળશે તેના લક્ષે રાગ થશે તે દુઃખરૂપ છે. ભગવાનની વાણી મળે તેની સામે લક્ષ જાય તે રાગ દુઃખરૂપ છે. શુભ રાગ આવે છે, હોય છે પણ ચેતનનો ધર્મ શુભરાગ નથી, શુભરાગ દુઃખરૂપ છે. આહાહા! આ વાત જગતને આકરી લાગે તેવી છે, ઝીણી વાત છે, બેસવી કઠણ પડે તેવી છે પણ જે સત્ય છે તે આમ જ છે.

* એક દ્રવ્ય અન્ય દ્રવ્યથી ભિન્ન હોવાથી બહાર લોટે છે. શરીરને આત્મા અડતો નથી, વીંછીનો ડંખ શરીરને અડતો નથી ને વીંછી કરડે ત્યાં રાડ નાખે! આહાહા! શરીર આત્માથી બહાર લોટે છે તે આત્માને શું કરી શકે? પગ છે તે જમીનને અડતો નથી ને તડકો હોય ત્યાં પગ ગરમ થઈ જાય! પાણીને અગ્નિ અડતી નથી ને અગ્નિ હોય ત્યાં પાણી ગરમ થાય! જીવને કર્મ અડતા નથી ને કર્મ હોય ત્યાં જીવને વિકાર થાય! આહાહા! એ દ્રવ્યનો પોતાનો ચમત્કારીક સ્વભાવ છે પણ ઉપાદાનને દેખતો નથી ને નિમિત્ત ઉપર દ્રષ્ટિ પડી છે તેથી નિમિત્તથી ઉપાદાનમાં કાર્ય થવાનો ભ્રમ થઈ ગયો છે. એક દ્રવ્ય અન્ય દ્રવ્યમાં પ્રવેશ પામી શકતું નથી, બહાર જ લોટે છે, તે અન્ય દ્રવ્યનું કરે શું? એ સિદ્ધાંત અંદરમાં બેસે તો ભ્રમણા ભાંગી જાય ને દ્રષ્ટિ સ્વસન્મુખ વળી જાય.

* કેવળજ્ઞાન થવા છતાં ચાર કર્મ બાકી છે એટલી અશુદ્ધતા પણ બાકી છે. ચૌદમે ગુણસ્થાને કંપન મટીને અંકપ દશા થવા છતાં હજુ પ્રતિજીવી ગુણનું એટલું વિરુધ્ધ પરિણમન છે તેથી અસિદ્ધત્વ દશા છે તેમ કહ્યું છે. મુનિને આનંદનું પ્રચુર સ્વસંવેદન છે છતાં તેને હજુ રાગ હોવાથી જગપંથ કહ્યો છે અને ચોથા ગુણસ્થાનવાળા સમ્યગ્દ્રષ્ટિને રાગ નથી બંધન નથી તેમ કહે છે, ત્યાં વિવક્ષા સમજવી જોઈએ. કેવળીને પણ અશુદ્ધતા કહી તે અશુદ્ધતા બાકી છે તેનું જ્ઞાન કરાવવા કહ્યું છે ને ચોથાવાળા સમકીતિને રાગ નથી ને બંધન પણ નથી તે દ્રષ્ટિનું જોર બતાવવા દ્રષ્ટિ અપેક્ષાનું કથન છે તેમ સમજવું જોઈએ.

* ભગવાન જિનેન્દ્રસર્વજ્ઞની દિવ્યધ્વનિ આવી તેમાં સિંહનાદ આવ્યો! શું આવ્યો? કે હે જીવ! તું સચ્ચિદાનંદ પરમાત્મ સ્વરૂપ છો. પ્રભુ! તું પોતે પરમાત્માસ્વરૂપ મારી જાતનો જ છો. બકરાંના ટોળામાં સિંહ ભળી ગયો હોય તેમ શુભાશુભ ભાવમાં ભગવાન ભળી ગયો છે તેને ભગવાન સર્વજ્ઞનો સિંહનાદ આવ્યો કે તું મારી જાતનો ભગવાન સ્વરૂપ છો તેમ જાણ!

* રામ–લક્ષ્મણ બળદેવ–વાસુદેવ છે, રાવણ પ્રતિ વાસુદેવ છે તેને લક્ષ્મણ મારે છે ને પછી રાવણને બાળવા સાથે જાય છે. રાવણની સ્ત્રીને કહે છે કે માતા! અમે

વાસુદેવ બળદેવ છીએ, શું થાય! બીજો કોઈ ઉપાય ન હતો, હોનહાર થયા વિના રહેતું નથી, માતા! અમને ક્ષમા કરજે. રાગ–દ્વેષની પ્રવૃત્તિ થઈ પણ તેનો અંદરમાં ખેદ છે. અરે! આ અમારા કામ નહિ, અમે તો અંદરમાં રમનારા રામ છીએ.

* આત્મા અતીન્દ્રિય આંનદ સ્વરૂપ છે. જેમ બરફ શીતળતાની મોટી પાટ છે તેમ આત્મા શીતળતાની મોટી પાટ છે, અનંત અનંત અતીન્દ્રિય આનંદની મોટી પાટ છે, અનંત સર્વજ્ઞતાની મોટી પાટ છે, આત્મા એટલે અનંતી પ્રભુતાની મોટી પાટ છે, અનંતી વિભૂતાની મોટી પાટ છે, એમ અનંત અનંત ગુણોની પૂર્ણાનંદથી ભરેલી મોટી પાટ છે. વસ્તુ છે તે સદાકાળ એવી ને એવીજ રહી છે, ભલે નરક નિગોદ આદિના અનંતા ભવો કર્યાં છતાં વસ્તુ જ્ઞાનાનંદસ્વરૂપ એ તો સદાકાળ એવી ને એવી રહી છે, એનો અંદરમાં વિશ્વાસ આવવો જોઈએ.

* હું બીજા જીવને મારી શકું છું, જીવાડી શકું છું, બીજા જીવોને ખાવાની સગવડતા આપી સુખી કરી શકું છું અથવા બીજા જીવોને અગવડતા આપીને દુઃખી કરી શકું છું એ માન્યતા મહા પાપ દ્રષ્ટિની છે. હું એક તણખલાના બે કટકા કરી શકું છું. હાથની આંગળી હલાવી શકું છું, વાણી બોલી શકું છું, રોટલીનો ટુકડો કરી શકું છું–એમ પરદ્રવ્યની ક્રિયાનો કર્તા હું છું એવી માન્યતા મિથ્યાદ્રષ્ટિની છે. એવા જીવો ત્રૈલોક્યમાં કાંઈ બાકી નથી એવા બધા પદાર્થોને હું કરી શકું છું તેવી માન્યતાથી મિથ્યાત્વરૂપ મોટા પાપને બાંધે છે કેમકે અજ્ઞાનમાં જગતની કોઈ પણ વસ્તુને તે પોતાની માન્યા વિના રહેતો નથી.

* જ્ઞાનમાં ચૈતન્યસ્વભાવની મોટપ ભાસ્યા વિના જ્ઞાન અંદરમાં ઢળી શકતું નથી. જ્ઞાનમાં ચૈતન્યસ્વભાવનો મહિમા ને મોટપ ભાસે ત્યારે જ જ્ઞાન અંદરમાં ઢળી જાય છે.

* ભાઈ! સમ્યગ્દ્રષ્ટિના અંતરના તળીયા તપાસવા બહુ કઠણ છે. ધર્મી જીવને ચક્રવર્તિના રાજય હોય, લડાઈમાં પણ ઊભા હોય, પણ આત્માના આનંદથી રાગ ભિન્ન પડી ગયો છે, રાગાદિ પરિગ્રહમાં ભેદ બુદ્ધિ થઈ ગઈ છે, ભલે તેને વિષય સામગ્રી હો, એનો ભોગ પણ હો, સમ્યગ્દ્રષ્ટિને પુણ્ય વિશેષ હોય છે, પુણ્યના ઢગલા હોય છે, સ્ત્રી–પુત્રાદિમાં પુણ્યના ઢગલા દેખાય પણ સમ્યગ્દ્રષ્ટિ ને તેમાં એકત્વબુદ્ધિ છૂટી ગઇ છે, ચૈતન્યનો અતીન્દ્રિય આનંદ એની નજરમાં દેખાય છે. આનંદનો સાગર ઊછળી રહ્યો છે, આનંદની ભરતી આવે છે એવા સમ્યગ્દ્રષ્ટિને ભોગ સામગ્રીમાં જરી આસકિત દેખાય છે–થાય છે છતાં તેનો અભિપ્રાયમાં સ્વીકાર નથી, સુખબુદ્ધિ નથી. ભોગ ભુજંગ સમાન લાગે છે, કાળા નાગ સમાન લાગે છે.

# ❀ સ્વયં સંવેદ્યમાન આત્મા ❀

[ શ્રી કળશટીકા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી ]

क्लिश्यन्तां स्वयमेव दुष्करतरैर्मोक्षोन्मुखैः कर्मभिः
क्लिश्यंन्ता च परे महाव्रततपोभारेण भग्नाश्चिरम् ।
साक्षान्मोक्ष इदं निरामयपदं संवेद्यमानं स्वयं
ज्ञानं ज्ञानगुणं विना कथमपि प्राप्तुं क्षमन्ते न हि ।।१४२।।

આત્મા શુદ્ધ સ્વરૂપ છે તેનું જેને સમ્યગ્દર્શન નથી, અનુભવ નથી, વસ્તુ કે જેના ધ્રુવદળમાં અનંત શાંતિ ને અનંત વીતરાગતા છે તેનો પર્યાયમાં અનુભવ નથી એટલે કે અનુભવની શક્તિ જેણે પ્રગટ કરી નથી ને રાગની રુચિમાં પડયા છે તે જીવ, ચૈતન્યચંદ્ર અર્થાત્ ઉપશમરસથી ભરેલા ભગવાન આત્માના જ્ઞાનસ્વરૂપના અનુભવ વિના તેને પામી શકતા નથી. અનુભવ શક્તિ પ્રગટ કર્યાં વિના તે જીવ હજાર ઉપાય કરે, દયા–દાન આદિ કોટી ઉપાય કરે તોપણ ચૈતન્ય ભગવાન તેને પ્રગટ થતો નથી. રાગની ક્રિયા લાખ શું કરોડ કરે તોપણ ભગવાન આત્મા પ્રગટ થાય એવો નથી.

લાખ મંદિર બનાવે કે ગજરથ ચલાવે કે અબજો રૂપિયો ખર્ચે તોપણ વસ્તુ પ્રાપ્ત થાય એમ નથી, કેમ કે વસ્તુમાં જ્યાં વિકલ્પ પણ નથી તે વસ્તુ રાગાદિની લાખ કરોડ ક્રિયાના ઉપાય વડે પ્રાપ્ત કેમ થાય?

તો ઉપાય શું? –કે જે દશાની દિશા પર ઉપર છે તે દશાની દિશાને સ્વ ઉપર વાળવી તે ઉપાય છે. રાગાદિ તો પર વસ્તુ છે તેનાથી આત્મા સંવેદ્યમાન થતો નથી. સ્વ સ્વયં સંવેદ્યમાન છે, પોતાના વડે સંવેદ્યમાન–સંવેદનમાં આવવા યોગ્ય છે. આત્મા જ્ઞાન ને આનંદ સ્વરૂપ છે તેમાં પોતાના વડે એકતા કરે અને વિભાવથી પૃથકતા કરે તે ઉપાય છે ને તે મોક્ષનો માર્ગ છે.

પોતે જ પોતાના વડે પોતાના સ્વભાવને સંવેદવા યોગ્ય છે, કેમ કે પુણ્ય–પાપના વિકારને નિશ્ચયથી પુદ્‌ગલનાં કહ્યાં છે, તેથી પુદ્‌ગલના પરિણામ વડે ચૈતન્ય ભગવાન ક્યારે પ્રાપ્ત થાય? રાગ વડે અમૃત સરોવર ભગવાન આત્મા કેમ પ્રાપ્ત થાય? રાગની ક્રિયા વડે ત્રણકાળ ત્રણલોકમાં આત્મા પ્રાપ્ત થતો નથી. જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મામાં વૃત્તિનું

ઉત્થાન થવું તે ઝેર છે, તેના વડે અમૃતસ્વરૂપ ભગવાન આત્મા જણાય એવો નથી. પોતાના સ્વભાવથી જણાય એવો પ્રત્યક્ષ જ્ઞાતા છે.

અરેરે! આનંદનો સાગર ભગવાન પોતે છે પણ તને તારા સ્વભાવની શક્તિના મહાત્મ્યની ખબર નથી. એ ભગવાન આત્મા સ્વથી પ્રાપ્ત થાય એવો છે, એ સિવાય રાગાદિની ક્રિયા વડે પ્રાપ્ત થાય એવું વસ્તુનું સ્વરૂપ જ નથી. અતીન્દ્રિય આનંદના આસ્વાદ વડે સ્વયં પ્રાપ્ત થાય એવી વસ્તુ છે. ભગવાન અતીન્દ્રિય આનંદનો પાતાળ કૂવો છે, એક એક પ્રદેશે અનંત જ્ઞાન ને અનંત આનંદ ભર્યા છે, એવા અસંખ્ય પ્રદેશવાળો ભગવાન આત્મા છે.

અતીન્દ્રિય આનંદની શક્તિના સાગરથી ભરેલો ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદ વડે અનુભવવા લાયક છે, આસ્વાદ કરવા લાયક છે. જ્ઞાનસ્વરૂપી ને અતીન્દ્રિય આનંદ સ્વરૂપી પ્રભુ અતીન્દ્રિય જ્ઞાન ને અતીન્દ્રિય આનંદ વડે આસ્વાદવા લાયક છે. ભગવાન આત્મા જ્ઞાન ને આનંદ સ્વરૂપી હોવાથી ભગવાન આત્મા જ્ઞાનગુણ વડે અનુભવવા લાયક છે. જ્ઞાનગુણ સિવાય અનુભવવા યોગ્ય નથી કારણ કે કારણાંતર વડે તે અનુભવવા યોગ્ય નથી, એટલે કે આ કારણ સિવાય અર્થાત્ જ્ઞાનગુણ સિવાય રાગની ક્રિયા આદિ અન્ય કારણો વડે ભગવાન આત્મા જણાવા લાયક નથી.

તારા ઉદ્ધારની આ રીત છે એ સિવાય તારો ઉદ્ધાર થાય એમ નથી. જેને રાગમાં પ્રેમ છે તે વારંવાર ભવ કર્યાં જ કરે છે, ભવના કોઈ પણ પ્રકારમાં કે કાર્યમાં એટલે કે ભગવાન સિવાય બહારમાં કાંઈ પણ આશ્ચર્યતા ને અદ્‌ભૂતતા લાગે તે મિથ્યાત્વ છે, અનંતભવનું બીજ છે. અહીં તેનાથી મુક્ત થવાની વાત ચાલે છે કે જ્ઞાનના વેદન વિના બીજા કારણો વડે આત્મા જણાય એવો નથી. જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા જ્ઞાન વિના ગ્રાહ્ય થઈ શકે એવો નથી.

કેવી છે જીવરાશિ? –કે શુભોપયોગના પરિણામ કરે, જૈન શાસ્ત્રનું ખૂબ અધ્યયન કરે, જીવાદિ દ્રવ્યના સ્વરૂપનું સ્મરણ તથા પંચ પરમેષ્ઠીની ભક્તિ આદિ બહુ કરે પણ એ તો ક્લેશ છે. તેનો આડંબર કરે–દેખાવ કરે તો કરો પણ તેનાથી આત્મા પ્રાપ્ત થાય એવો નથી. અરે! આવી વાત જેને સાંભળવા મળે નહીં તે કે દિ’ વિચારે ને કે દિ’ ભેદવિજ્ઞાન કરે! અજ્ઞાનીને તો અનાદિના અભ્યાસ વડે શુભની ક્રિયા, વ્યવહારિક ક્રિયા સહેલી લાગે છે, તેથી તે કરે છે, પણ અધ્યાત્મનો વ્યવહાર જે સમ્યગ્દર્શન–જ્ઞાન –ચારિત્રની ક્રિયા તેને તે જાણતા નથી. પ્રભુ! કારણાંતર દ્વારા તારા આત્માનો ઉદ્ધાર શી રીતે થશે?

ભાઈ! જ્યારે તને ભગવાનનો ભેટો થશે ત્યારે નિર્મળ પરિણામથી થશે, રાગની લાખ ક્રિયા કરો તોપણ ભગવાનનો ભેટો થશે નહીં.

પાપના પરિણામ એ તો દુર્ગતિનું કારણ છે જ પણ શુભોપયોગ, શાસ્ત્ર અધ્યયનનો શુભ રાગ તે પણ દુઃખ છે, કષ્ટ છે, ક્લેશ છે. જગતને આકરું લાગે, પણ શું થાય? મારગ તો આ છે. ભગવાનની પૂજા, ભક્તિ, જીવાદિ નવ તત્ત્વોના સ્વરૂપનું વારંવાર સ્મરણ કરવું તે બધું વિકલ્પ છે, વિકલ્પ છે તે રાગ છે, દુઃખ છે –એમ પરમાત્મા જિનેશ્વરદેવ કહે છે.

જિનેન્દ્રદેવે જેને પંચપરમેષ્ઠી તરીકે જાણ્યા છે, કહ્યાં છે, તેની ભક્તિ તે દુઃખ છે, ક્લેશ છે. શાસ્ત્ર શ્રવણ વિગેરે જેટલા શુભોપયોગ થયા તે ક્લેશ છે, એ ક્લેશ કરો તો કરો પણ તેનાથી શુદ્ધ સ્વરૂપની પ્રાપ્તિ નહીં થાય. પ્રભુ! તને ખબર નથી, ધંધા આદિના પાપનું તો શું કહેવું? પણ અહીં તો કહે છે કે શુભ રાગ એ આડંબર છે, એવો આડંબર કરો તો કરો પણ તેનાથી આત્માની પ્રાપ્તિ થતી નથી.

કરોડો રૂપિયા ખર્ચે, મંદિરો બંધાવે કે જાવજીવ–આજીવન બ્રહ્મચર્ય પાળે પણ એ શુભરાગ છે, શુભરાગ છે તે કશલે છે, દુઃખ છે, આડંબર છે, એવો આડંબર કરો તો કરો પણ સર્વજ્ઞ વીતરાગદેવે જે આત્મા કહ્યો છે તેની પ્રાપ્તિ તો તેનાથી થશે નહીં. ધર્મના નામે એ શુભ રાગનો રસ છે પણ એ રાગના રસ વડે વીતરાગ સ્વરૂપની પ્રાપ્તિ થતી નથી.

આ તો વીતરાગ માર્ગ છે, વીતરાગભાવથી વીતરાગ માર્ગ પ્રગટ થાય, રાગની લાખ ક્રિયા કરે પણ તેનાથી ધર્મ નહીં થાય, રાગની ક્રિયા કષ્ટસાધ્ય છે, દુઃખરૂપ છે. પંચમહાવ્રતની ક્રિયા પાળે પણ પ્રભુ! તને ખબર નથી ભાઈ! એ તો વૃત્તિનું ઉત્થાન –રાગભાવ છે, તારું સ્વરૂપ નથી. એ રાગની ક્રિયા કષ્ટસાધ્ય છે, દુઃખરૂપ છે.

શુભઉપયોગ, શાસ્ત્રશ્રવણ, સ્મરણ, ભક્તિ આદિ રાગ છે, રાગ છે તે દુઃખ છે. રાગની જેટલી ક્રિયા તે દુઃખરૂપ છે. સંસારની ક્રિયા, માયા ને ખટપટ એ તો દુઃખરૂપ છે જ, પણ ધર્મના નામે જે શુભક્રિયા છે તે પણ દુઃખરૂપ છે. અતીન્દ્રિય આનંદની ક્રિયા એ સુખરૂપ છે ને એ સિવાયની ક્રિયા દુઃખરૂપ છે. સ્વર્ગ આદિના કારણભૂત શુભક્રિયા કરવાની પણ જીવોને ફુરસદ ક્યાં છે! –૨૪ કલાકમાં પાપભાવ ને પાપની ક્રિયા જ કરે છે, પણ અહીં તો કહે છે કે ધર્મના નામે જે શુભક્રિયા કરે તે પણ દુઃખરૂપ છે, તેનાથી સ્વરૂપની પ્રાપ્તિ થતી નથી.

ભગવાન આત્મા આનંદ સ્વરૂપ છે, જ્ઞાનસ્વરૂપ છે ને જ્ઞાનસ્વભાવનો અનુભવ તે સુખરૂપ છે, તે સિવાય અનેરી જેટલી ક્રિયા તે દુઃખરૂપ છે, જેનાથી કર્મનો ક્ષય ભાવ તેનાથી એ બધી ઉલ્ટી ક્રિયા છે. વ્રત, ક્રિયા અને શાસ્ત્ર અધ્યયન એ બધું કર્મનો ક્ષય થાય તેનાથી ઉલ્ટી ક્રિયા છે, છતાં તેનાથી પરંપરા મોક્ષ થશે એવી માન્યતા તે ભ્રમ છે, મિથ્યાત્વ છે, સંસારનું કારણ છે.

પહેલાં પાપ છોડીયે ને પુણ્ય કરીએ, પછી પુણ્ય છોડીશું એમ પરંપરાએ મોક્ષ થશે, હળવે હળવે મોક્ષ થશે–એવી મૂઢ જીવોની માન્યતા તે ભ્રમણા છે. ભગવાન આત્મા આનંદથી છલોછલ ભરેલો છે, તેનો અનુભવ તે ધર્મ છે અને શુભોપયોગની ક્રિયાઓ તેનાથી ઉલ્ટી છે, તેથી તે ધર્મ નથી.


વસ્ત્રનો ધાગો ન રાખે એવા જૈનનો નગ્નમુનિ દ્રવ્યલિંગી થાય ને પંચમહાવ્રતા આદિની બધી ક્રિયા બરાબર પાળે, એવી ક્રિયા કરતાં કરતાં મરીને ચૂરો થઈ જાય એટલો કાળ ઘણું કષ્ટ કરે છે તો કરો પણ તેનાથી મિથ્યાત્વનો નાશ થતો નથી, તેનાથી કર્મક્ષય થતાં નથી. ઉપવાસ આદિ કરી કરીને મરી જાય એટલી શુભક્રિયા કરે પણ તેનાથી જરીયે ધર્મ થતો નથી. જ્ઞાનાનંદ સ્વરૂપી ભગવાન આત્માનો જ્ઞાન ને આનંદ વડે અનુભવ કરવો તે ધર્મ છે, તે કર્મક્ષયનું કારણ છે ને તે એક જ મોક્ષનો ઉપાય છે, માટે આત્માનો અનુભવ કરવો એ જ કરવા લાયક છે.

## સમાચારઃ-

* સોનગઢમાં પૂજ્ય ગુરુદેવશ્રી સુખશાતામાં બિરાજી રહ્યાં છે. સવારે ૮–૩૦ થી ૯–૩૦ શ્રી કલશટીકા ઉપર તથા બપોરે ૨–૩૦ થી ૩–૩૦ શ્રી પ્રવચનસાર પરિશિષ્ટની ૪૭ નયો ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના અધ્યાત્મ રહસ્યોદ્ઘાટક પ્રવચનો ચાલી રહ્યા છે.

* હવેથી ગુજરાતી ‘આત્મધર્મ’ દર મહિને પહેલી તારીખે પ્રગટ થશે તેની જિજ્ઞાસુઓએ નોંધ લેવી.

* આ અંકના ૧ થી ૮ પાનામાં ‘જાન્યુઆરી ૧૯૭૮’ ને બદલે શરતચૂકથી ‘જાન્યુઆરી ૧૯૭૭’ છપાય છે તો સુધારીને વાંચવું.




* વીંછીયાના રહીશ (હાલ મલાડ) શ્રી નગીનદાસ હિંમતલાલ ડગલીના પુત્રવધુ તથા જલગાંવનિવાસી શ્રી ચીમનભાઈ સોગઠીના સુપુત્રી રાજુલબેન અશોકકુમાર ડગલી (વર્ષ–૨૫) માગશર સુદ દશમના રોજ કોઈ પણ જાતની બિમારી વિના એકાએક હાર્ટફેઈલ થવાથી માત્ર દશ–મિનિટમાં સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ ઘણીવાર સોનગઢ આવતા હતા તથા મલાડમાં પણ દર્શન–પૂજન આદિમાં નિયમિત ભાગ લેતા હતા. તેમને વીતરાગી દેવ–શાસ્ત્ર–ગુરુ પ્રત્યે તથા પૂજ્ય ગુરુદેવશ્રી પ્રત્યે ઘણો ભક્તિભાવ હતો. ભરયુવાનીમાં અને તદ્દન નિરોગ અવસ્થામાં એકાએક દેહ વિલય થઈ જાય છે એવા આ ક્ષણભંગુર સંસારમાં પોતાનો આત્મા જ શરણ હોવાથી અતિ દુર્લભ માનવભવમાં પોતાના આત્માને ઓળખી લેવો એ એક જ કર્તવ્ય છે એમ વારંવાર સંતો કરુણાથી કહે છે. સદ્‌ગતનો આત્મા વીતરાગી દેવ–ગુરુ–ધર્મનું શરણ પામીને આત્મહિત પામો એ જ ભાવના.

* રાજકોટનિવાસી શ્રી પટેલ કચરાભાઈ લવજીભાઈ (વર્ષ–૯૨) તા. ૨૫–૧૧–૭૭ ના રોજ સ્વર્ગવાસ પામેલ છે. તેઓ પૂજ્ય ગુરુદેવશ્રીની ભવતાપહારિણી વાણીનો અવારનવાર લાભ લેતા હતા. વીતરાગી દેવ–ગુરુ–ધર્મ પ્રત્યે તથા પૂજ્ય ગુરુદેવશ્રી પ્રત્યે તેમનો ઘણો ભક્તિભાવ હતો. તેમનો આત્મા આત્મહિતના માર્ગે ઉન્નતિ પામો એ જ ભાવના.

* વાસણાનિવાસી શાહ મણીલાલ માણેકચંદના ધર્મપત્ની માણેકબેન (વર્ષ–૬૪) તા. ૩૦–૧૧–૭૭ ના રોજ સ્વર્ગવાસ પામેલ છે. તેઓ અવાર–નવાર સોનગઢ આવીને

પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનોનો લાભ લેતા હતા. વીતરાગી દેવ–ગુરુ–ધર્મ તેમજ પૂજ્ય ગુરુદેવશ્રી પ્રત્યે ઘણો ભક્તિભાવ હતો. તેમનો આત્મા વીતરાગી ધર્મના શરણમાં આત્મકલ્યાણ પામો એ જ ભાવના.

* ખંડવાનિવાસી, દિગંબર જૈન મુમુક્ષુમંડળના અગ્રગણ્ય શ્રી નેમિચંદજી શાહ (–સ્વ. શેઠ શ્રી દયાચંદજી સાહના પુત્ર તથા રાયસાહેબ પ્રેમચંદજી જૈનના જમાઈ) નું તા. ૨૧–૧૨–૭૭ના રોજ ૪૦ વર્ષની નાની ઉંમરમાં હાર્ટએટેકથી અવસાન થયું છે. શ્રી નેમિચંદજીને પૂજ્ય ગુરુદેવ પ્રત્યે અત્યંત ભક્તિ, તત્ત્વ સમજવાનો પ્રેમ તથા સાધર્મી–વાત્સલ્ય ખૂબ હતાં. પૂજ્ય ગુરુદેવશ્રીની ૮૯ મી જન્મજયંતી મધ્યપ્રદેશમાં ઊજવવાનો લાભ મળે એવી તેમની ઉલ્લાસભરી ભાવના હતી. મુમુક્ષુમંડળની પ્રગતિમાં તેઓ ઉત્સાહપૂર્ણ ભાગ લેતા હતા. પૂજ્ય ગુરુદેવની ખંડવામાં મંગલ પધરામણી પ્રસંગે પણ દેવ–ગુરુ ધર્મની પ્રભાવનામાં સુંદર સહકાર આપતા હતા.

સ્વર્ગસ્થ આત્મા વીતરાગ દેવ–ગુરુ–ધર્મની પવિત્ર છાયામાં પ્રાપ્ત કરેલાં સંસ્કારો વડે શીઘ્ર આત્મકલ્યાણ પામો–એ જ તેમના પ્રત્યે શુભ ભાવના.

* આ કાળ મહા બળવાન તથા ક્રૂરકર્મી અર્થાત્ દુષ્ટ છે. જીવોને પાતાળમાં, બ્રહ્મલોકમાં, ઇન્દ્રના ભવનમાં, સમુદ્રના કિનારે, વનની પેલે પાર, દિશાઓના અંતમાં, પર્વતના શિખર પર, અગ્નિમાં, જલમાં, હિમાલયમાં, અંધકારમાં, વજ્રમયી સ્થાનમાં, તલવારોના પહેરામાં, ગઢ કોટ ભૂમિ કે ઘરમાં તથા મદોન્મત હાથિયોના સમૂહમાં ઇત્યાદિ કોઈ પણ સ્થાનમાં પ્રયત્નપૂર્વક રાખવામાં આવે, તોપણ આ કાળ બળાત્કારપૂર્વક જીવોના જીવનને કોળિયો કરી લ્યે છે. આ કાળ કોઈના પણ વશમાં નથી. **–શ્રી જ્ઞાનાર્ણવ**

* રુદ્ર, દેવ, દૈત્ય, વિદ્યાધર, જલદેવતા, ગ્રહ, વ્યંતર, દિક્પાળ, નારાયણ, પ્રતિનારાયણ, બળભદ્ર, ધરણીન્દ્ર, ચક્રવર્તી તથા પવન દેવ સૂર્યાદિ બલિષ્ઠ દેહધારી સર્વે એકત્ર થઈને પણ કાળથી પકડાયેલા પ્રાણીઓની ક્ષણમાત્ર પણ રક્ષા કરવા સમર્થ નથી. **–શ્રી જ્ઞાનાર્ણવ**

* હે આર્ય સત્પુરુષ! અંતસમયરૂપી દાઢથી ચિન્હિત કાળરૂપ સર્પના મુખરૂપી દરમાં કામરૂપી વિષ વડે મૂર્છિત ત્રણલોકના પ્રાણી ગાઢ નિદ્રામાં સૂઈ રહ્યા છે. તે દરેકને આ નિર્દય કાળ ગળી જાય છે. પરંતુ પ્રત્યક્ષજ્ઞાનની પ્રાપ્તિ વિના આ કાળના પંજામાંથી નીકળવાનો બીજો કોઈ ઉપાય નથી અર્થાત્ પોતાના જ્ઞાન એટલે કે સ્વરૂપનું શરણ લેવાથી જ આ કાળથી બચી શકાય છે. **–શ્રી જ્ઞાનાર્ણવ**

## [ બહેનશ્રીનાં વચનામૃત.......... ટાઈટલ ૨ થી ચાલુ ]

* ચૈતન્યસ્વરૂપ આત્મા તારો પોતાનો છે માટે તેને પ્રાપ્ત કરવો સુગમ છે. પરપદાર્થ પરનો છે, પોતાનો થતો નથી, પોતાનો કરવામાં માત્ર આકુળતા થાય છે.

* શાશ્વત શુદ્ધિધામ એવું જે બળવાન આત્મદ્રવ્ય તેની દૃષ્ટિ પ્રગટ થઈ તો શુદ્ધ પર્યાય પ્રગટે જ. વિકલ્પના ભેદથી શુદ્ધ પર્યાય પ્રગટતી નથી. એકને ગ્રહણ કર્યું તેમાં બધું આવી જાય છે. દૃષ્ટિ સાથે રહેલું સમ્યગ્જ્ઞાન વિવેક કરે છે.

* જગતમાં એવી કોઈ વસ્તુ નથી કે જે ચૈતન્યથી વધી જાય. તું આ ચૈતન્યમાં–આત્મામાં ઠર, નિવાસ કર. આત્મા દિવ્ય જ્ઞાનથી, અનંત ગુણોથી સમૃદ્ધ છે. અહો ! ચૈતન્યની અગાધ ૠદ્ધિ છે.

* આત્મારૂપી પરમપવિત્ર તીર્થ છે તેમાં સ્નાન કર. આત્મા પવિત્રતાથી ભરેલો છે, તેની અંદર ઉપયોગ મૂક. આત્માના ગુણોમાં તરબોળ થઈ જા. આત્મતીર્થમાં એવું સ્નાન કર કે પર્યાય શુદ્ધ થઈ જાય, મલિનતા ટળી જાય.

* પરમ પુરુષ તારી નિકટ હોવા છતાં તેં જોયા નથી. દૃષ્ટિ બહાર ને બહાર જ છે.

* પરમાત્મા સર્વોત્કૃષ્ટ કહેવાય છે. તું પોતે જ પરમાત્મા છો.

* સહજ તત્ત્વ અખંડિત છે. ગમે તેટલો કાળ ગયો, ગમે તેટલા વિભાવ થયા, તોપણ પરમ પારિણામિક ભાવ એવો ને એવો અખંડ રહ્યો છે; કોઈ ગુણ અંશે પણ ખંડિત થયો નથી.

* મુનિ અંતર્મુહૂર્તે અંતર્મુહૂર્તે સ્વભાવમાં ડૂબકી મારે છે. અંદર વસવાટ માટે મહેલ મળી ગયો છે, તેની બહાર આવવું ગમતું નથી. કોઈ પ્રકારનો બોજો મુનિ લેતા નથી. અંદર જાય તો અનુભૂતિ અને બહાર આવે તો તત્ત્વચિંતન વગેરે. સાધકદશા એટલી વધી ગઈ છે કે દ્રવ્યે તો કૃતકૃત્ય છે જ પરંતુ પર્યાયમાં પણ ઘણા કૃતકૃત્ય થઈ ગયા છે.

* જેને ભગવાનનો પ્રેમ હોય તે ભગવાનને જોયા કરે તેમ ચૈતન્યદેવનો પ્રેમી ચૈતન્ય ચૈતન્ય જ કર્યા કરે.

## ❀ આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો ❀

* જેમ શિકારીના ઉપદ્રવ વડે ભયભીત થયેલું સસલું અજગરના ખુલ્લાં મોઢાને દર–બિલ જાણી પ્રવેશ કરે છે તેમ અજ્ઞાની જીવ ક્ષુધા, તૃષા, કામક્રોધાદિક તથા ઇન્દ્રિયના વિષયની તૃષ્ણાના આતાપ વડે સંતાપ્તિ થઈને વિષયાદિકરૂપ અજગરના મુખમાં પ્રવેશ કરે છે; તેમાં પ્રવેશ કરીને પોતાના જ્ઞાન, દર્શન, સુખ, સત્તાદિક ભાવપ્રાણને નાશ કરીને નિગોદમાં અચેતનતુલ્ય થઈને અનંતવાર જન્મ–મરણ કરતો થકો અનંતકાળ વ્યતીત કરે છે કે જ્યાં આત્મા અભાવતુલ્ય જ છે. (શ્રી રત્નકરંડશ્રાવકાચાર)

* આ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્રરૂપી રત્નત્રયમયી જૈનધર્મ સંસારરૂપી સર્પને દૂર કરવા નાગદમની નામની ઔષધી છે, દુઃખની મહાન આગને બુઝાવવા માટે જળધારા છે તથા મોક્ષસુખરૂપી અમૃતનું સરોવર છે, માટે તે જયવંત રહો. (શ્રી પદ્મનંદિ આચાર્ય)

* વધુ કેટલું કહેવું? –સ્વર્ગથી ચ્યુત થવાની પહેલા દેવને જે તીવ્ર દુઃખ થાય છે તે નારકીને પણ નથી હોતું. (શ્રી મહાપુરાણ)

## ❀ પ્રવચન પ્રચાર યોજના ❀

**પૂજ્ય ગુરુદેવશ્રીના બન્ને સમયના પ્રવચનો નિયમિત રીતે ટેપ થઈ રહ્યાં છે. હાલમાં શ્રી પ્રવચનસાર ગાથા ૧૭૨માં અલિંગગ્રહણના ૨૦ બોલ ઉપર પૂજ્યશ્રીના ૧૪ પ્રવચનો ગુજરાતીમાં થયા છે અને અત્યારે ૪૭-નયો ઉપર ગુજરાતીમાં પ્રવચનો ચાલી રહ્યા છે. હોંગકોંગનિવાસી શ્રી મધુભાઈ ચીમનલાલ ઝવેરી તરફથી પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનોની ટેપની નકલ જાન્યુઆરી દરમિયાન વિના મૂલ્યે કરી આપવામાં આવશે.**

પ્રકાશક : શ્રી દિગંબરજૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ (સૌરાષ્ટ્ર) PIN : 364 250
મુદ્રક : મગનલાલ જૈન, અજિત મુદ્રણાલય, સોનગઢ (સૌરાષ્ટ્ર) પ્રત : ૩૫૦૦